॥ શ્રી જીનેંદ્રાય નમઃ ॥

સદ્‌બોધ સંગ્રહ.

યોજક તથા પ્રકાશક,

અ. સૌ. મણિબાઇઃ—

કાળીદાસ જસકરણ ઝવેરી.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

સંવત્ ૧૯૮૪. સને ૧૯૨૮.

શાન્તિવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં ઈશ્વરલાલ કેશવલાલ

અને માણેકલાલ માધવજીએ છાપ્યો.

ઢીંકવા ચોકી—અમદાવાદ.

મૂલ્ય સદુપયોગ.

પ્રસ્તાવના.

આ નાનકડા પુસ્તકમાં જૈન ધર્મના અંગે જે હકીકત જણાવવામાં આવી છે. તે બાળજીવોને વાંચવાથી અને કંઠસ્થ કરવાથી કાંઇ લાભ થાય એ હેતુથી સંવત ૧૯૮૩ની સાલમાં શ્વેતાંબર સ્થાનકમાર્ગી જૈન મુનિ શ્રી સાંમજી સ્વામી (લિંબડી સંપ્રદાયના) અમદાવાદના છ કોટીના ઉપાશ્રયમાં ચોમાસુ હતા તે વખતે તેમને વિનંતી કરવાથી તેમણે તૈયાર કરેલ અને ચાલુ સાલ છ કોટીના ઉપાશ્રયમાં ચોમાસું બિરાજતા ખંભાત સંપ્રદાયના આચાર્ય શ્રી છગનલાલજી સ્વામી તથા દરિઆપુરી સંપ્રદાયના મુનિ શ્રી મુલચંદજી સ્વામીએ તૈયાર કરી આપેલ છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નાનકડા પુસ્તકથી જો કોઇ જીવાત્માને લાભ થશે અગર માર્ગદર્શક થશે તો જે હેતુએ તે છપાવવામાં આવ્યું છે તે હેતુ ફલીભુત થયો ગણાશે.

અત્ર સર્વ મુની મહારાજોનો આભાર માંનુ છું.

લી.

પ્રકાશક.

॥ श्री जीनेन्द्राय नमः ॥

૧. શ્રી નવકારમંત્ર અર્થસહિત.

૧. **નમો અરિહંતાણં**—એટલે બાર ગુણે કરી સહિત એવા અરિહંત દેવને નમસ્કાર; ૨. **નમો સિદ્ધાણં**—એટલે આઠ ગુણે કરી સહિત એવા સિદ્ધ ભગવંતને નમસ્કાર; ૩. **નમો આયરિયાણં**—એટલે છત્રીસ ગુણે કરી સહિત એવા આચાર્યજીને નમસ્કાર; ૪. **નમો ઉવજઝાયાણં**—એટલે પચીસ ગુણે કરી સહિત એવા ઉપાધ્યાયજીને નમસ્કાર; ૫. **નમો લોએસવ્વસાહુણં**—એટલે લોકને વિષે સત્તાવીસ ગુણે કરી સહિત એવા સાધુજીને નમસ્કાર.

પાંચ નવકારના એકસોને આઠ ગુણઃ—

અરિહંતના બાર ગુણ.

(૧) જ્યાં ભગવંત સમોસરે ત્યાં ભગવંતના શરીરથી બાર ગુણો ઉંચો દેવતા અશોક વૃક્ષ કરે, તે નીચે બેસી પ્રભુ દેશના દે. (૨) ભગવંતના સમોસરણમાં જળ સ્થળથી ઉત્પન્ન થયેલાંની માફક, પરંતુ વિકુર્વેલા પંચવર્ણનાં ફૂલોની દેવતા વૃષ્ટિ કરે. તે ફૂલ સવળે મોઢે હોય—ડાંડલી નીચે અને પાંખડી ઉપર રહે. (૩) જ્યારે ભગવંત દેશના દે ત્યારે દેવતા ભગવંતના સ્વરને પોતાની ધ્વનીવડે અખંડ પુરે. (૪) ભગવંતની

બન્ને બાજુએ દેવતા રત્નજડીત સુવર્ણની દાંડીવાળા શ્વેત ચામરો વીંઝે. (૫) ભગવંતને બેસવા માટે સિંહના રૂપે શોભાયમાન રત્નજડીત સિંહાસન બનાવે; તે ઉપર બેસી પ્રભુ દેશના દે. (૬) ભગવંતના મસ્તકના પાછલા ભાગે સૂર્યથી પણ અધિક પ્રકાશવાળું ભામંડળ દેવતા કરે. (૭) ભગવંતના સમોસરણમાં દેવતા **ગર્જારવ** શબ્દવાળી ભેરી વગાડે છે. (૮) ભગવંતના મસ્તક ઉપર અતિ ઉજ્વળ એવાં ત્રણ છત્રો દેવતા કરે. (૯) જ્યાં ભગવંત વિચરે ત્યાં ભગવંતની ચારે બાજુ **પચ્ચીસ જોજન** સુધીમાં રોગ, વૈર, ઉંદર, માર, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તદ્દાકાળ પોતાના કે પરના સૈન્યનો ભય, એટલે વાનાં થાય નહી. (૧૦) કેવળજ્ઞાન વડે આલોક અને પરલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે દેખે. (૧૧) ભગવંતની સેવાભક્તિ કરવાની રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તિ, ભવનપતિ, વાણુવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક પ્રમુખ ભવ્યજીવો અભિલાષા રાખે છે. (૧૨) ભગવંત એવી વાણીથી દેશના દે છે કે, દેવતા, મનુષ્ય, તિર્યંચ એ સર્વે પોત પોતાની ભાષામાં સમજે.

સિદ્ધ ભગવાનના આઠ ગુણ—

જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થવાથી અનંતુ જ્ઞાન, ૧. દર્શનાવરણીય કર્મ ક્ષય થવાથી અનંત દર્શન, ૨. વેદનીય કર્મ ક્ષય થવાથી અનંત અવ્યાબાધ આત્મીક સુખ, ૩. મોહનીય કર્મ ક્ષય થવાથી ક્ષાયક સમક્તિ, ૪. આયુષ્ય કર્મ ક્ષય થવાથી અક્ષય સ્થિતિ, ૫. નામકર્મ ક્ષય થવાથી અમૂર્તિ, ૬. ગોત્ર

કર્મ ક્ષય થવાથી અગુરૂ-લઘુ, ૭. અંતરાય કર્મ ક્ષય થવાથી અનંત આત્મિક શક્તિ સહિત છે. ૮.

આચાર્યજીના છત્રીસ ગુણ—

(૫) શ્રોતેંદ્રિય, ચક્ષુઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય અને સ્પર્શેન્દ્રિય એ પાંચ ઇંદ્રિઓને સંવરનાર હોય. (૯) નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના ધારણ કરનાર હોય. (૪) ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયથી મુકાએલા હોય. (૫) પાંચ મહાવ્રતે કરી સહિત હોય. (૫) જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચાર સહિત હોય. (૫) ઇર્યા, ભાષા, એષણા, આદાન ભંડમત નિક્ષેપના અને ઉચ્ચાર પાસવણ ખેલ જલ સંઘાણ પારિઠાવણિયા એ પાંચ સુમતિ સહિત હોય (૪) મન વચન અને કાયા એ ત્રણ ગુપ્તિ સહિત વર્તનાર હોય; એ છત્રીસ ગુણ.

ઉપાધ્યાયજીના પચીસ ગુણ—

(૧૧) આચારાંગ, સુયગડાંગ, ઠાણુંગજી, સમાવાયાંગ, ભગવતી, જ્ઞાતા, ઉપાસગદશા, અંતગડ, અનુત્તરોવવાઈ, પ્રશ્નવ્યાકરણ અને વિપાક; એ અગીયાર અંગ. (૧૨) ઉવવાઈ, રાયપસેણી, જીવાભિગમ, પન્નવણા, જંબૂદ્વિપ પન્નતિ, ચંદ્રપન્નતિ, સૂર્યપન્નતિ, નિરયાવલિકા, કપ્પીયા, કપવડંસિયા, પુફિયા, પુફચુલીઆ અને વન્હિદશા એ બાર ઉપાંગ; એ તેવીસ સૂત્ર પોતે ભણે ને બીજાને ભણાવે. (૨) ચરણ સીત્તેરી અને કરણ સીત્તેરી એ બન્નેને શુદ્ધ રીતે પાળે. એ પચીસ ગુણ.

સાધુજીનાં સત્તાવીસ ગુણ—

પાંચ મહાવ્રતના પાળનાર. ૫. પાંચઇંદ્રિને વશ કરનાર. ૧૦. ચાર કષાયને ટાળનાર. ૧૪. ભાવસત્ય. ૧૫. કરણસત્ય. ૧૬. જોગસત્ય. ૧૭. ક્ષમાવંત. ૧૮. વૈરાગ્યવંત. ૧૯. મન, વચન, કાયા, સમધારણવંત. ૨૨. જ્ઞાનસંપન્ને. ૨૩. દર્શન-સંપન્ને ૨૪. ચારિત્રસંપન્ને (સહિત). ૨૫. વેદની અને મરણ સહન કરનાર. ૨૭.

૨ શ્રી સામાયિક સ્વરૂપ.

સામાયિક એ શ્રાવકને આચરણિય ક્રિયા છે. શ્રાવકો ને અંગિકાર કરવાના બાર વ્રત માંહે સામાયિક નવમું વ્રત છે. અને એ શીક્ષા વ્રત ગણાય છે. એ વ્રત આત્મગુણને પુષ્ટિ કરનાર છે. અવિરતિ કષાયમાં તદાત્મક ભાવે મળેલી અનાદિ અશુદ્ધતા જેવી ભાવ પરીણામની ટેવ તેને મટાડનાર આત્મિક ગુણોનો અનુભવ કરાવનાર અને સહજ સ્વરૂપ રસાસ્વાદની મજા પ્રાપ્ત કરાવનાર છે સામાયિક—આર્ત્ત. રૌદ્ર ધ્યાનની પરિણતિ રૂપ ક્રિયા તે અશુભ સાવદ્ય વ્યાપાર તેનો ત્યાગ કરી આત્માને સમતા પરીણામમાં રાખે તે અથવા “ समस्य आर्या लाम सामायम एव सामायकः ” એટલે રાગ દ્વેષ રહિત જીવને

જ્ઞાન, દર્શન અને ચારિત્રનો લાભ પ્રાપ્ત થાય તેને સામાયિક કહીએ પ્રસ્તુત વિષય એ દેશ વિરતિ સામાયિકનો છે. દિવસનો સમગ્ર ભાગ અશુભ ક્રિયા પાપારંભ અશુભ ધ્યાન વિગેરે પરિપૂર્ણ સંસારી કાર્યોમાં ગાળતાં તેમાંથી બને તેટલો વખત બચાવી તે સમયમાં સામાયિકાદિ શુભ ક્રિયાઓ કરવી તે ઉત્તમજનોને ભૂષણરૂપ અને સંસારને ક્ષય કરવાના સાધનરૂપ છે. ધર્માર્થિ જનોની એ ફરજ છે. શ્રાવકોની એ મુખ્ય કરણી છે. અને તેમાંથી ઘણાં પ્રકારનાં લાભની પ્રાપ્તિ થાય છે. કેમકે સામાયિક એ મુનિભાવની વાનગી અથવા નિશાની છે. અનાદિ કાળના સંસાર પરિભ્રમણ થકી વિશ્રામ કરવાનો રૂડો ઉપાય છે. માટે જે મોક્ષાર્થિજન હોય તે બે ઘડી આત્મસ્વરૂપ સન્મુખ ચેતના કરીને સહજ સ્વરૂપની ચાહના ધરીને અને સકળ સાવદ્ય ત્રિકરણ યોગે તજીને સામાયિક કરે. શાસ્ત્રકાર તેના ચાર ભેદ કહે છે. અમુક પાઠનું અધ્યયન કરી સંપૂર્ણ મુખપાઠ કરીને ઉઠવાનો નિયમ કરી બેસવું તે શ્રુત સામાયિક ૨. શુદ્ધ સમકીત પામવું તે સમકીત સામાયિક. ૩. બે ઘડી પ્રમાણ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી બેસવું તે દેશવિરતિ સામાયિક. ૪. સર્વ વિરતિ સામાયિક જે સાધુ મુનિરાજ પાળે છે તે ચારિત્ર સામાયિક.

એક સામાયિકનો સમય શાસ્ત્રકારે બે ઘડી પ્રમાણ કહ્યો છે, બે ઘડી પર્યંત સર્વ ઇષ્ટાનિષ્ટ વસ્તુને વિષે સમ પરિણામ રાખે, સર્વ જીવને પોતાના આત્મા સમાન ગણે એ સામાયિક ક્રિયાનું રહસ્ય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે,--

निंदा पसंसा सुहगो, सगेय माणावमाण कारीसु,
मम सयण परजन मणा, समाइय संग ओजवो. ॥१॥

जो समो सव्व मणसु, तसेसु थावरे सुय;
तस्स समाइय होइ, इमं केवली भासियं. ॥ २ ॥

ભાવાર્થ:—કોઇ નિંદા કરે, કોઈ પ્રશંસા કરે, કોઇ માન આપે, કોઇ અપમાન કરે, તોપણ સામાયિકમાં બેઠા પછી સમતા રૂપ શુભ પરિણામ રાખે, સ્વજન તથા પરજનની ઉપર સમભાવ રાખે, તેને સામાયિક જીવ જાણવો, સર્વ પ્રાણીમાત્ર જે ત્રસ તથા સ્થાવર જીવો છે તેને વિષે સમ્પરિણામ રાખે તેને સામાયિક શુદ્ધ હોય, એમ કેવળી ભગવંતે કહ્યું છે.

જે માણસ આર્ત્ત, રૌદ્ર ધ્યાનને વશ પડી સામાયિક કરે, સામાયિકમા સાવદ્ય કામ વિચારે તેનું સામાયિક નિર્થક હોય. માટે જે પ્રાણી આર્ત્ત, રૌદ્રધ્યાન ન ધ્યાવે અને શુક્લ તથા ધર્મધ્યાન ધ્યાવે તે પ્રાણીનું સામાયિક શુદ્ધ જાણવું. શાસ્ત્રકારે વ્યવહાર નયથી સામાયિકનુ એ પ્રમાણે સ્વરૂપ કહ્યું છે. નિશ્ચય મતે તો શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે, अप्पा सामायियं, अप्पा सामायियस अट्ठा । આત્માજ સામયિક છે અને સામાયિકનો અર્થ પણ આત્મા છે. નિજ શુદ્ધ સ્વરૂપ ભાવમાં રહ્યો આત્મા ઉપશમ જળે કરી રાગદ્રેષરૂપ મેલને ધોઈ આત્મ પરિણુતિ આદરે, પરપરિણુતિ નિવારે તેને સંવર સામાયિક

કહીએ તેની ઉપર શુભ દ્રષ્ટિ રાખીને વ્યવહાર સામાયિક કરવું કેમકે વ્યવહાર તે બળવંત છે. તેરમા ગુણઠાણા સુધી જે જીવ વ્યવહાર રૂપ ઘોડા ઉપર ચઢી સંસારરૂપ અટવીનું ઉલ્લંઘન કરી જેવારે ગૃહ પ્રત્યે પહોંચે ત્યાં સુધી ઘોડો જોઈએ, પછી મહેલ ઉપર ચઢે ત્યારે ઘોડાનું કામ ન પડે; એ પ્રમાણે વ્યવહાર એ ઘોડાની પેરે સાધક છે, માટે તેને છોડી દેવો ન જોઈએ.

એમ સામાયિક કરતાં સાવદ્ય વેપારનો ત્યાગ થાય તે માટે સામાયિક એ શ્રેષ્ટ ક્રિયા છે. તે વ્રત ઉદય આવવું મહા દુર્લભ છે. દેવતાઓ પણ પોતાના હૃદયમાં સામાયિક સામગ્રી મેળવવા ઈચ્છા કરે છે, કે જે એક મુહૂર્ત્ત માત્ર સામાયિક કરવું ઉદય આવે તો મારૂં દેવપણું સફળ થાય; એટલા માટે શ્રાવકોએ મનુષ્ય ભવ પામી શુદ્ધ સામાયિક કરવા ઉદ્યમવંત થવું.

સામાયિક કરવાની શ્રદ્ધાવાળા શ્રાવકો બે પ્રકારના હોય છે. રાજા, મંત્રી, સમર્થ વ્યવહારીયા આદિ રિદ્ધિવંત શ્રાવકો હોય તે તો મોટા આડંબરથી આદર સહિત ઉપાશ્રયે આવી સાધુ સમીપે સામાયિક કરે જેથી શાસનની શોભામાં વૃદ્ધિ થાય, તેને લીધે બીજા અનેક માણસો તે શુભ ક્રિયા કરવા ઉત્સુક થાય અને જે સામાન્ય મનુષ્ય હોય તે ઉપાશ્રયે અથવા પોતાના સ્થાનમાં (ઘરમાં) એકાંત જગ્યાએ બેસીને સામાયિક કરે પરંતુ ઉત્તમ મનુષ્યે જેમ પોતાને ફુરસદ હોય તેમ અથવા તો ફુરસદ મેળવીને પણ દિવસ પ્રત્યે પોતાથી બને તેટલાં સામાયિક કરવાં.

કેટલાએક દિવસમાં હંમેશાં બેજ સામાયિક કરવાનું કહે છે પણ તે શાસ્ત્રોક્ત નથી. સામાયિક કરનાર શ્રાવકને તેટલા સમયને માટે સાધુ સમાન કહેલ છે. આવશ્યક ચુર્ણિ આદિ શાસ્ત્રોમાં શ્રાવકને વારંવાર સામાયિક કરવાનું કહ્યું છે. સામામાયિક તથા પોષધને વિષે પ્રાણીનો જે કાળ જાય તે સફળ જાણવો ને શેષ કાળ જે છે તે સંસાર ઉપાર્જન કરવાને કારણભૂત છે.

વળી સામાયિક પાળવાના સૂત્રમાં કહ્યું છે કે, જ્યાં સુધી જીવ સાવદ્ય વ્યાપારના પચ્ચખાણને વિષે સંયુક્ત હોય, વળી સામાયિક વ્રતને વિષે સંયુક્ત હોય ત્યાં સુધી એ અશુભ કર્મને છેદે, જેટલીવાર સામાયિક કરે એ સામાયિક કરતાં મનના દોષ, વચનના દોષ, તથા કાયાના બાર દોષ એ પ્રમાણે બત્રીસ દોષ લાગે તે માટે નિરંતર ઉપયોગ રાખવો. તે બત્રીસ દોષ નીચે મુજબ:—

મનના દશ દોષ—

૧. **અવિવેક દોષ**—સામાયિક કરે તેવારે સર્વ ક્રિયા કરે પણ મનમાં વિવેક ન હોય એટલે સામાયિક શું ચીજ છે તે જાણે નહિ પણ વિવેક સહિત સામાયિક કરવાથી કોણ તર્યા છે? એનાથી શું ફળ પ્રાપ્તિ છે? એ કોનું સાધન છે? એમાં કોણ **પરસાઈયા છે**? વ્યવહાર સામાયિક કયું અને નિશ્ચય સામાયિક કયું? સામાયિકની રીતિ જીનેશ્વરે શા પ્રમાણે કહી છે, વિગેરે વિવેકવિના જે સામાયિક કરે તે અવિવેકનો પ્રથમ દોષ.

૨. **યશ વાંચ્છા દોષ**—સામાયિક કરીને કીર્તિની વાંછના કરે, એટલે સામાયિક તો નિર્જરાનો હેતુ છે અને શીવપદનું સાધન છે તેને બદલે તેનાથી કીર્તિ વાંછના કરે, તે યશ વાંચ્છા દોષ કહેવાય.

૩. **ધન વાંછા દોષ**—સામાયિક કરવાથી ધન પ્રાપ્તિની ઇચ્છા કરે તે.

૪. **ગર્વ દોષ**—સામાયિક લઇને મનમાં ગર્વ આણવો કે હુંજ ધર્મ જાણનાર છું. હું કેવું સામાયિક કરૂં છું બીજા મૂર્ખ લોકો સામાયિકમાં શું સમજે વિગેરે બાબતોનો જે ગર્વ કરવો તે ગર્વ દોષ કહેવાય.

૫. **ભય દોષ**—એટલે કોઇપણ પ્રકારના ભયથી લોકમાં પોતાની નિંદા થશે એવી બીકથી સામાયિક કરે પણ મનમાં સામાયિક કરવાનો ભાવ ન હોય તે ભય દોષ કહેવાય.

૬. **નિદાન દોષ**—સામાયિક કરીને ધનાદિકનું અથવા બીજી કોઇ ઇચ્છિત વસ્તુનું નિયાણું કરે તે કારણે સામાયિકનું તો મહાન્ ફળ છે તે ન વિચારતાં એવા ખોટા ફાયદા ઉપર લક્ષરાખી નિયાણું કરી તે વેચી નાંખ્યા બરાબર થાય છે માટે તે નિદાન દોષ કહેવાય.

૭. **સંશય દોષ**—સંશયયુક્ત સામાયિક કરે, એટલે મનમાં વિચારે કે, સામાયિક કરીએ છીએ તો ખરા પણ આગળ ઉપર ફળ થશે કે નહીં ? એમ પ્રતિતી નહીં તે.

૮. **કષાય દોષ**—કષાય ભર્યું સામાયિક કરે, એટલે કોઇની સાથે રોષ વર્તે છે તેથી તેને જવાબ દેવો નથી એમ

ધારી સામાયિક કરી બેસે એવું રહસ્ય છે છતાં કષાય યુક્ત કરે તે દોષીત ગણાય તેનું નામ કષાય દોષ.

૯. **અવિનય દોષ**—ગુરૂ આદિકના વિનય રહિત સામાયિક કરે તે.

૧૦. **બહુમાન દોષ**—બહુમાન રહિત કરે પણ ભક્તિ-ભાવથી ન કરે તે.

વચનનાં દશ દોષઃ—

૧. **કુત્સિત વચન દોષ**—જે વચન સાંભળી કોપને લજ્યા ભય કષાયાદિ ઉપજે તે કુત્સિત વચન, સામાયિક લઇને બોલે તે કુત્સિત દોષ.

૨. **સહસાત્કાર દોષ**—સામાયિક લઇ આગળ પાછળનો ઉપયોગ રાખ્યા શિવાય અણ વિચાર્યું વચન બોલે તે.

૩. **અસદારોહણ દોષ**—સામાયિકમાં કોઇને અસત્ય દોષ (તોહમત) મુકે તે.

૪. **નીરપેક્ષ વાકય દોષ**—સામાયિક લઈ શાસ્ત્ર અપેક્ષા વિના સ્વમતિનાં વચન બોલે તે.

૫. **સંક્ષેપ દોષ**—સામાયિકમાં સૂત્ર પાઠે વચન સંક્ષેપ કરી બોલે, અક્ષર પાઠાદિ હીન બોલે તે.

૬. **કલહ કર્મ દોષ**—સામાયિકમાં કોઈની સાથે કલેશ કરે તે.

૭. **વિકથા દોષ**—સામાયિકમાં સજઝાય, ધ્યાન, ધર્મ કથા મહાપુરૂષનાં ચરિત્ર અથવા તીર્થ કરાદિનો મહીમા વિગેરે

ક્રિયા કરવાની કહી છે તે પ્રમાણે ન વર્તતાં રાજ્યાદિક વિગેરેની ચાર કથા કરે તે.

૮. **હાસ્ય દોષ**—સામાયિકમાં કોઈની મશ્કરી કરે તે.

૮. **અશુદ્ધ પાઠી દોષ**—સામાયિકમાં સૂત્રાદિક ઉચ્ચાર કરે તેમાં મુખથી સંપાદાહીન અથવા હ્રસ્વ અક્ષરને ઠેકાણે દીર્ઘ બોલે, કોઈ ઠેકાણે માત્રાહીન અથવા અધિક ઉચરે, અશુદ્ધ પાઠનો ઉચ્ચાર કરે તે.

૧૦. **મુણ મુણ વચન દોષ**—સામાયિક લઈને ઉતાવળે પાઠનો ઉચ્ચાર કરે, સ્પષ્ટ પ્રગટ અક્ષર ન ઉચ્ચરે, પદનું, ગાથાનું ઠેકાણું માલમ ન પડે, માંખીની પેઠે બણ બણ, બણ બણ કરે, એમ અગડં બગડં કરીને પાઠ પૂર્ણ કરે તે.

કાયાના બાર દોષઃ—

૧. સામાયિક કરતી વખતે પગ ઉપર પગ ચઢાવીને બેસે. મહાત્મ પર્યાય થકી વિનય ગુણની વૃદ્ધિની હાની કરે, વસ્ત્રવડે જાનું બાંધીને બેસે તે પ્રથમ દોષ માટે જેવડે વિનય ગુણ રહે, ઉદ્ધતાઈ ન જણાય, જયણા ન થાય તેવી રીતે બેસવું નહીં.

૨. **ચલાસન દોષ**—આસનને સ્થિર ન રાખે, વારંવાર આગળ પાછળ ચલાયમાન કરે ને પોતે ચપળતા ઘણી કરે, તે ચપલાસન દોષ કહેવાય.

૩. **ચલ દ્રષ્ટિ દોષ**—સામાયિક લઈને દ્રષ્ટિને નાસીકા ઉપર સ્થાપી મનમાં સુઉપયોગ રાખી મોન પણે ધ્યાન ન કરે, શાસ્ત્ર અભ્યાસ કરવો હોય તો જયણા યુક્ત પુસ્તક ઉપર દ્રષ્ટિ

રાખવી વિગેરે શુદ્ધ સામાયિકની રીતિ જે શાસ્ત્રકારે કહેલી છે તે રીતિનો ત્યાગ કરી ચકિત મૃગની જેમ ચારે દિશાએ નેત્ર ફેરવે તે ચપળ દ્રષ્ટિ દોષ કહેવાય.

૪. **સાવદ્ય દોષ**—કાયાવડે કાંઈ સાવદ્ય ક્રિયા કરે, અથવા સાવદ્ય ક્રિયાની સંજ્ઞા કરે તે દોષ કહેવાય.

૫. **આલંબન દોષ**—સામાયિકમાં દિવાલ પ્રમુખનો આશ્રય છોડી એકાંતે બેસવું એ રીતિ છે. તે રીત ત્યાગી દિવાલ થાંભલા વિગેરેને પીઠ લગાડીને બેસે તે કારણે પુંજ્યા વિનાની દીવાલ ઉપર ઘણા જીવોનો વિશ્રામ હોય ત્યાં પીઠ લગાડતાં ઘણા જીવોની વિરાધના થાય અથવા ઓઠીંગણ લઈ બેસવાથી નિંદ્રાદિક પ્રમાદ વધે અને તેથી શુભ ધ્યાનાદિકમાં ખામી આવે તેથી તે દોષ યુક્ત છે.

૬. **આકુંચન પ્રસારણ દોષ**—સામાયિક લઈને કારણ વિના હાથપગ સંકોચે અથવા લાંબા કરે તે દોષ કહેવાય.

૭. **આળસ દોષ**—સામાયિકને વિષે અંગે આળસ મરડે, ટાચકા ફોડે, કમર વાંકી કરે, વિગેરે પ્રમાદની બહુળતાનાં કાર્યો કરે તે દોષ કહેવાય.

૮. **મોટન દોષ**—સામાયિકમાં અંગુલી પ્રમુખને વાંકી કરી ટાચકા વગાડે તે દોષ કહેવાય.

૯. **મલસ્ય દોષ**—સામાયિક લઈને શરીરે ખસ પ્રમુખ થઈ હોય તે વલુરે, મેલ ઉતારે તે દોષ કહેવાય.

૧૦. **વિમાસણ દોષ**—સામાયિકમાં અંગ વિમાસણ કરાવે, હાથનો ટેકો દે, ગળે હાથ દઈ બેસે, તે દોષ કહેવાય

૧૧. **નિંદ્રા દોષ**—સામાયિકમાં નિંદ્રા કરે તે દોષ કહેવાય.

૧૨. સામાયિકમાં ટાઢ પ્રમુખના પ્રબળથી પોતાને સમસ્ત અંગે સારી પેઠે વસ્ત્ર ઓઢે તે.

એ પ્રમાણે મનના દશ દોષ વચનના દશ દોષ અને કાયાના બાર દોષ તે સર્વ મળી બત્રીસ દોષ થાય છે. વિવેકી પુરૂષો તથા સ્ત્રીઓ તે દોષ ટાળી શુદ્ધ સામાયિક કરે, બાર વ્રત અંગીકાર કરનારને એમાં સામાયિક વ્રત આવી જાય છે, તેથી બાર વ્રત ધારીને નિરંતર સામાયિક કરવું પડે છે. સામાયિક એ શ્રાવકપણાનું ભૂષણ છે. વ્રત આશ્રી એ વ્રતનાં પાંચ અતિચાર કહ્યા છે. તેનાં નામ નીચે પ્રમાણે:—

૧. **કાય દુઃપ્રણિધાન અતિચાર**—એટલે પોતાના શરીરનો અવયવ અણપુંજે, અણપ્રમાર્જે હલાવે, ભીંતને પીઠ લગાડીને બેસે, નિંદ્રા પ્રમુખ કરે તે.

૨. **મન દુઃપ્રણિધાન અતિચાર**—એટલે સામાયિકમાં ક્રોધ, લોભ, દ્રોહ, અભિમાન, ઈર્ષ્યા, અસૂયા, પ્રમુખ દોષ સહિત કાર્ય વ્યસંગાશકત સંભ્રમ ચિત્તથી સામાયિક કરે તે.

૩. **વચન દુઃપ્રણિધાન અતિચાર**—એટલે સામાયિકમાં સાવદ્ય વચન બોલે, પદ અક્ષરાદિક અશુદ્ધ બોલે, ઉચ્ચારતાં સૂત્ર સ્પષ્ટતા માલુમ પડે નહી. અને અશુદ્ધ શુદ્ધ ઉચ્ચારે અતિશય ચપળ પણાએ ગડબડ ગડબડ બોલી જાય તે.

૪. **અન્યવયાસ્યા દોષ રૂપ અતિચાર**—એટલે જે વખતે કરવું જોઈએ તે વખતે સામાયિક ન કરે, કરે તો યદ્વા

તદ્દા કરે, હઠથી અથવા ઉતાવળથી પાળે, આદર વિના કરે સ્વેચ્છાએ ક્રિયા કરે તે.

૫. **સ્મૃતિ વિહિન અતિચાર**—એટલે સામાયિક લઇને ભૂલી જાય, ક્રિયાદિકમાં ભ્રમ પડે, સામાયિકનુ સૂત્ર ઉચર્યા કે નથી ઉચર્યા, પાળ્યું કે નથી પાળ્યું એવી ભ્રાન્તિ પ્રબળ પ્રમાદના ઉદયથી થાય તે.

વ્રત અંગીકાર-સામાયિક વ્રત અંગિકાર કરનારે એ પ્રમાણે પાંચ અતિચાર ન લાગે તે સંબંધી સાવચેતી રાખવી જોઇએ એ પ્રમાણેના દૂષણો રહિત એક સામાયિક કરનાર બાણું ક્રોડ ઓગણ સાઠ લાખ, પચીસ હજાર, નવસેં પચીસ એટલા પલ્યોપમ અને વળી એક પલ્યોપમના નવ ભાગ કરવા તેમાંના આઠ ભાગ ઉપર એટલું દેવતાનુ આયુષ્ય બાંધે અને નરક ગતિ કાપે, એવું જૈનાગમમાં સામાયિકનુ ફળ કહ્યું છે, એ વ્યવહાર શુદ્ધિ સામાયિકનુ ફળ છે નિશ્ચય શુદ્ધોપયોગથી સામાયિકનું ફળ અનંત ગણું છે, એટલે તે આ વ્રત સિદ્ધિ સ્થાનકને પ્રાપ્ત કરાવે તેથી સામાયિક એ મનુષ્ય માત્રને એકાંત ઉપદેશ છે.

કોઈ દાનેશ્વરી પુરૂષ દિન દિન પ્રત્યે સુવર્ણના લાખો કટકા યાચકને આપે અને બીજો પુરૂષ શુદ્ધ મને સામાયિક કરે તો સુવર્ણ દાનનો કરનાર સામાયિક કરનારની બરોબર થઇ શકે નહિ.

હે ભગવંત ! સામાયિક કરનારો જીવ શું ઉપાર્જન કરે ? તેના ઉત્તરમાં ભગવંતે સામાયિકનાં ઘણાં ઉત્તમ ફળ કહ્યાં છે.

વળી શ્રેણીક રાજાએ પોતે નારકીમાં જતો બચે કે નહિં એ સવાલ વીર ભગવંત પાસે કર્યો તે વખતે બીજી કેટલીક બાબતો કહેવા સાથે ભગવંતે કહ્યું કે, જો પુણીઓ શ્રાવક તેનું એક સામાયિક તને વેચાતું આપે તો બચે. તે વખતે શ્રેણીક રાજાએ પુણીઆ શ્રાવક પાસે જઇ તેવી માગણી કરી એટલે તેણે કહ્યું કે, સામાયિકની શું કીંમત તે હું જાણતો નથી. માટે જેણે સામાયિક વેચાતું લેવા કહ્યું હોય તેને કીંમત પૂછો. હું જાણતો નથી. પછી શ્રેણીક રાજાએ આવી ભગવંતને સામાયિકની કીંમત પૂછી. તે વખતે તેની સર્વ રાજ્ય ઋદ્ધિથી સામાયિકની ઘણીજ અધિક કીંમત આંકી જેથી તેણે પોતાનો વિચાર માંડી વાળ્યો હતો. આ સર્વથી સામાયિકનું શ્રેષ્ટ ફળ છે એવું સિદ્ધ થાય છે. માટે ધર્માર્થિ શ્રાવક ભાઇઓ તથા બહેનોએ સામાયિક અવશ્ય કરવું જોઇએ.

સામાયિક એ ચારિત્રનો નમૂનો છે. તેનાથી વિરતિપણું પ્રાપ્ત થાય છે. અને વિરતિપણામાં કરેલી ક્રિયા વધારે પુષ્ટિ કારક થાય છે. તેથી પ્રતિક્રમણ પહેલા સામાયિક ગ્રહણ કરી પછી તે ક્રિયાની શરૂઆત કરવામાં આવે છે.

પ્રથમ સમતાભાવ રાખવો તે સમભાવ સામાયિક ૧. બીજું સર્વ જીવ ઉપર દયા ભાવ રાખવો તે દયા સામાયિક ૨. ત્રીજું રાગ દ્વેષને છોડી ને યથા વ્યવસ્થિત વચન બોલવું તે સમવાદ સામાયિક ૩. ચોથું થોડાજ અક્ષરમાં તત્ત્વ જાણવું તે સમાસ સામાયિક ૪. પાંચમું થોડા અક્ષરમાં કર્મ નાશ થાય તેવો અર્થ વીચારવો તે સંક્ષેપ સામાયિક ૫. છઠ્ઠું પાપ રહિત

સામાયિક આદરવું તે અન્વયી સામાયિક ૬. સાતમું જે સામાયિકમાં તત્ત્વનું જાણુપાણું હોય તે પરીજ્ઞા સામાયિક ૭. અને પરહરી વસ્તુનો ત્યાગ કરવો તે આઠમું પ્રત્યાખ્યાન સામાયિક ૮. એ આઠ નામ ને આઠ ભેદ ઉપર કહ્યા પ્રમાણે છે.

૩. શ્રાવકની અગિયાર પડિમા (પ્રતિમા)

અગિયાર પ્રકારની શ્રાવકની પડીમા.

૧. દંસણ પ્રતિમા—એટલે સમકિત ચોકખું રાખવું. ૨. વ્રત પ્રતિમા એટલે બારે વ્રત નિર્દોષ પાળવા. ૩. સામાયિક પ્રતિમા એટલે દરરોજ સામાયિક બે વખત કરવું. ૪. પોષહ પ્રતિમા એટલે એક માસમાં બે પોષા કરવા. ૫. કાઉસગ્ગ પ્રતિમા એટલે પોષા વખતે આખી રાત્રિ બને તો કાયોત્સર્ગ કરવો અથવા બે પહોર સુધી કરવો. ૬. બ્રહ્મચર્ય પ્રતિમા એટલે પોષાને બીજે દિવસે બ્રહ્મચર્ય પાળવું. ૭. સચિત પરિહાર પ્રતિમા એટલે સાત માસ સુધી સચેત્ત આહાર ન કરવો. ૮. અણારંભ પ્રતિમા એટલે આઠ માસ સુધી પાપ લાગે તેવું કામ ન કરે. ૯. પ્રેષ્યારંભ વિવજણ પ્રતિમા એટલે દાસ વિગેરેની પાસે પણ નવ માસ સુધી કામ ન કરાવે. ૧૦. ઉદ્દિષ્ટ કૃત્ય પ્રતિમા એટલે પોતા સારૂ કીધેલો આહાર પાણી દશ માસ સુધી ન લીએ નિર્દોષ લીએ. ૧૧. શ્રમણભૂત પ્રતિમા એટલે સાધુનો વેષ ધારણ કરી અગિયાર માસ સુધી તે પ્રમાણે વર્તે અને કોઈ પગે લાગે તો કહે કે, હું સાધુ નથી, ને સાધુની ક્રિયા પાળે તે.

૪. જીવની સમજ.

આપણામાં જીવ છે તેમજ જનાવરમાં પણ છે. મોટા હાથીમાં જીવ છે તેમ નાની કીડીમાં પણ છે. જેને સુખ દુઃખની ખબર પડે તે જીવ. જીવ હોય તો આપણા પગ હાલે ચાલે; હાથ આપે લે; મોઢું બોલે, હસે; શરીર ઉઠે બેસે, જીવ ન હોય તો પગ, હાથ, મોઢું અને શરીર કંઈ કરી શકતાં નથી. જીવ હોય તો જીભ ચાખે છે, શરીરને લાગે છે, આંખ દેખે છે, નાક સુંઘે છે, કાન સાંભળે છે, મન વિચારે છે, અને જીવ ન હોય તો જીભ ચાખે નહીં, શરીરે લાગે નહિં, આંખ દેખે નહિં, કાન સાંભળે નહિં, અને મન વિચાર પણ ન કરે.

૫. ભુંડા કામ કયાં કયાં અને સારાં કામ કયાં કયાં ?

ગુસ્સો કરવો, અહંકાર કરવો, કપટ કરવું, લોભ કરવો, અને અજ્ઞાન રહેવું એ ભુંડું કામ છે. દયા કરવી, નમ્રતા રાખવી, નિષ્કપટી થવું, ઉદાર થવું અને જ્ઞાન ભણવું એ સારૂં કામ છે.

૬. ધર્મ અને પાપના કામ.

બચાવવું તે ધર્મ, અને મારવું તે પાપ. સાચું તે ધર્મ, અને જૂઠું તે પાપ. આપવું તે ધર્મ, અને ચોરવું તે પાપ. સારી ચાલ તે ધર્મ, અને ખરાબચાલ તે પાપ. ઉદારતા તે ધર્મ, અને સાંકડાપણું (લોભ) તે પાપ.

ધર્મથી ધન મળે છે, પાપથી દારિદ્રતા આવે છે. ધર્મથી બુદ્ધિ ખીલે છે, પાપથી મૂર્ખ થવાય છે. ધર્મથી શરીર સારૂં થાય છે, પાપથી રોગ આવે છે. ધર્મથી મન શાન્ત રહે છે, પાપથી મનમાં ચિંતા રહે છે. ધર્મ હીંમતવાન બનાવે છે. પાપ બીકણુ બનાવે છે.

ધર્મ સારો છે, પાપ ભૂંડું છે. ધર્મથી સુખ થાય છે અને પાપથી દુ:ખ થાય છે. ધર્મ તારે છે અને પાપ ડૂબાડે છે.

૭. પુનર્જન્મ.

શરીર અને જીવ જૂદા જૂદા છે. શરીર જન્મે-મરે છે. જીવ જન્મતો નથી, મરતો નથી. કર્મ પ્રમાણે જન્મ મરણ થાય છે. સારાં કર્મથી સારૂં શરીર મળે છે. નઠારાં કર્મથી નઠારૂં શરીર મળે છે. સારાં માઠાં કર્મથી જન્મ મરણ થયાં કરે છે.

૮. નિયમો અને વ્રતો.

કોઇપણ જીવને મારવો નહિ, કે દુ:ખ દેવું નહિં, જૂઠું બોલવું નહિં અને બોલવામાં નમ્રતા રાખવી. ચોરી કરવી નહિં અને ખોટાં તોલા માપ રાખવાં નહિં, પારકી માલિકીની જીવવાળી કે જીવ વગરની કોઇપણ ચીજને હાથ લગાડવો નહિં, ધન ધાન્ય પશુ વિગેરે મેળવવા લોભથી હાય વોય કરવી નહિં, એ સઘળું મેળવવાને જે મહેનત કરવી તે સમતાથી કરવી, હદ ઉપરાંત મેળવવાનો લોભ કરવો નહિં. મેળવેલું ધન

દાન દયામાં શક્તિ મુજબ વાપરતા રહેવું. દરેક ચીજ માટે અસંતોષથી આખી પૃથ્વીમાં રખડવાનો લોભ કરવો નહિ. ઉપજ કરતાં ખર્ચ ઓછું રાખવું. દરરોજ આપણા ઉપયોગમાં આવતી ચીજો જરૂર કરતાં વધારે વાપરવી નહિં. કોઈની નિંદા કરવી નહિં. કોઈનું ભૂડું થતું જોઈ રાજી થવું નહિં. કોઇપણ ભૂડું કામ કરવા કોઇને સલાહ આપવી નહિ. દરરોજ સમતાથી નિત્ય નિયમ તરીકે ઓછામાં ઓછી બે ઘડી તો ધર્મધ્યાનમાં ગાળવી. અમુક દિવસોમાં દિવસનો બને તેટલો ભાગ ધર્મધ્યાનમાં, શાસ્ત્ર વાંચન વિગેરેમાં ગાળવો. અમુક દિવસોએ ખાસ કરી આઠમ પાખી તો આખો દિવસ કે કલાક ઉપાશ્રય કે પોષધ શાળામાં ઉપવાસ કરી ધર્મધ્યાન કરવું. સાધુ સંતને, ગરીબ ગરબાને આપણા ગજા પ્રમાણે ખાવાનું, ઓઢવાનુ કે તેવું કાંઇપણ આપવું. દાન કરવું એવો ભગવાનનો પવિત્ર હુકમ છે.

૯. દાન મહાત્મ્ય.

સિદ્ધાંતમાં ભગવંતે ચાર પ્રકારનો ધર્મ વખાણ્યો છે, તેમાં પ્રથમ દાનનો મહિમા કહ્યો છે. તેથી કરી પ્રાણી માત્ર પ્રાતઃસમયમાં દાતારનુંજ નામ લેવું શ્રેષ્ઠ ગણે છે. ભગવંત પણ દીક્ષા લેતી વખત પ્રથમ વરસીદાન દઈ પછી દીક્ષા લેવી શ્રેષ્ઠ ગણે છે. તીર્થંકર જ્યાં તપનું પારણું કરે ને જ્યાં ગૌચરી વહોરે ત્યાં સાડા બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ દેવતા કરે છે. જે મનુષ્ય વશ થતો ન હોય તે પણ દાતારને તો વશ થાય છે, રીસાએલો મનાય છે, અપવાદ બોલનાર પણ સ્તુતિ કરે છે.

ૠષભદેવ ભગવાને પ્રથમ ધન્ના સાર્થવાહના ભવમાં મુનિજનો પ્રત્યે દાન દીધું તો તીર્થંકર પદ પામ્યા; બાહુ મુનિએ આહાર પાણી લાવી આપવાથી આવતા જન્મમાં ભરત ચક્રવર્તિ થવાનું પુણ્ય ઉપાર્જન કર્યું. માસખમણ તપ કરનાર મુનિને પારણે ક્ષીરનું દાન દઇ શાળીભદ્રે દીવ્ય સંપદા ભોગવી, શ્રેયાંસ કુમારે ૠષભદેવ ભગવાનને શેલડીનો રસ આપ્યો તો સંસારનો અંત કરી તેજ જન્મમાં મુક્તિ મેળવી. ચંદન બાળાએ અડદના બાકુળા મહાવીર પ્રભુને વહોરાવ્યા તો તેજ વખત દુર્દશાનો અંત આવ્યો, દીવ્ય રૂપ થયું અને પંચ દિવ્ય પ્રગટ થયાં. શાન્તિનાથ પ્રભુએ પૂર્વ ભવમાં પારેવાને અભયદાન દીધું તેથી કરી તીર્થંકર અને ચક્રવર્તિપણાનું પુણ્ય પ્રગટ થયું. મેઘકુમારે હાથીના ભવમાં સસલાને અભયદાન દીધું તો મહા રિદ્ધિવાન શ્રેણીક રાજાને ઘેર પુત્રપણે ઉત્પન્ન થયો.

આ પ્રમાણે અનેક જીવો દાનથી સુખ પામ્યા છે અને અનેક જીવો રિદ્ધિ સિદ્ધિ ને સુખ સંપદા પામી મુક્તિના સુખને પ્રાપ્ત થયા. અનેક જીવો મહા સંકટથી પણ ક્ષણ માત્રમાં છુટયા, દાન દેનાર મનુષ્યની કીર્તિ દેશો દેશમાં વિસ્તરે છે. મૃત્યુ પામેલા મનુષ્યની પણ દાન ગુણથી સર્વને સ્મૃતિ થાય છે ને વિદ્વદ્‌જનો દાનનો મહિમા કેવો કહે છે. દાન આપવું તે સુપાત્રનેજ આપવું. જે પુરૂષ પાત્રને વિષે દાન દે છે, તે પુરૂષ પ્રત્યે દારિદ્રતા તો જોતુંજ નથી. દુર્ભાગ્ય તેને સેવતું નથી. અપકીર્તિ તેનું આલંબન કરતી નથી. પરાભવ તેને વાંછતું નથી. વ્યાધિ તેનું શોષણ કરતી નથી. ભય તેને પીડા

કરતો નથી, અને આપદા કઈ તેને કલેશ પમાડતું નથી, એવો સુપાત્ર દાનનો પ્રભાવ છે.

જે પુરૂષ શુભ કાર્યને વિષે પોતાનું દ્રવ્ય વાપરે છે, તેને લક્ષ્મી વાંછે છે, બુદ્ધિ તેને શોધે છે, કીર્તિ તેને જુવે છે, પ્રીતિ તેની પાસે આવે છે, સૌભાગ્યતા તેને સેવે છે, નિરોગતા નિરંતર રહ્યા કરે છે કલ્યાણની પરંપરા તેની સન્મુખ આવે છે, સ્વર્ગ સંબંધી ઉપભોગની સંપત્તિ તેને વરે છે, અને મુક્તિ પણ એ પુરૂષની વાંછના કરે છે, અર્થાત્ પુણ્યાર્થે દ્રવ્ય વાપરનાર જીવ યાવત્ મોક્ષ સુખ પામે છે.

૧૦. પત્ની ધર્મ.

અહંકાર, કામ, ક્રોધ તથા લોભનો ત્યાગ કરી પતિની સેવા કરવી, ઇર્ષ્યા છોડી દઇ મનને વશ કરી પતિ જેમ પ્રસન્ન થાય તેમ કરવું. પતિને ખોટું લાગે એવું કાંઇ બોલવું નહિં. પતિની મરજી વિરૂદ્ધ કાંઇ પણ કાર્ય કરવું નહિં. સદા શુદ્ધ અંતઃકરણથી પતિની આજ્ઞા પાળવી. અયોગ્ય સ્થળે ઉભા રહેવું નહિં. જે સ્ત્રી લોકમાં કલંકીત કે ખરાબ ગણાતી હોય તેની પાસે કદી પણ બેસવું નહિં, તેમ તેની સાથે બોલવું પણ નહિં. પોતાના પતિ સિવાય દેવ, મનુષ્ય, ગાંધર્વ કે વિદ્યાધર ગમે તેવા રૂપાળા, યોવનવાળા અને વસ્ત્રાલંકારથી સુશોભીત હોય તો પણ તેને તુચ્છ ગણવા. પતિ જમ્યા પછી જમવું અને પોતાના મનમાં સમજવું કે આ જગત્માં સ્ત્રીની શોભા

પતિજ છે. પતિ વિનાની સ્ત્રી શોભતી નથી. પતિ વિનાની સ્ત્રીનો સર્વ સંસાર શોકનું કારણ છે. આ સંસારમાં સુખ માત્રનો હેતુ પતિ છે. પતિથીજ સ્ત્રીને સર્વ પ્રકારનું સુખ અને સૌભાગ્ય છે. પતિ વિના સ્ત્રીનો જન્મ નિરર્થક છે. આવું વિચારીને મન વચન અને કાયાથી પતિની ભક્તિ કરવી. અંતઃકરણમાં ભાવ રાખી પ્રેમ પૂર્વક પતિની સેવા કરવી.

---

૧૧. શ્રાવિકા ધર્મ.

(૧) શ્રાવિકા એટલે શ્રી મહાવીર દેવે બતાવેલો ધર્મ સાંભળે, શીખે અને પાળે તે સ્ત્રી. શ્રી મહાવીર દેવનો ધર્મ એટલે આત્માનું ઢંકાએલું બળ પ્રગટાવનારો માર્ગ. શ્રી મહાવીર દેવનો ધર્મ એટલે જગતનું ભલું કરનારો માર્ગ. શ્રી મહાવીરના ધર્મનો પાયો દયા છે. ધર્મ એટલે દુર્ગતીરૂપ ખાડામાં પડતાં બચાવે તે. અજ્ઞાન, વહેમ અને કલેશના ખાડામાં પાડે તે અધર્મ. પક્ષપાત વગરનો ધર્મ એ મહાવીરનો ધર્મ અથવા જૈનધર્મ. શ્રી મહાવીરના ધર્મમાં ક્રોધ હોય નહિં. શ્રી મહાવીરના ધર્મમાં ખેંચતાણ હોય નહિં. શ્રી મહાવીરના ધર્મમાં કાયરતા હોય નહિં. શ્રી મહાવીરના ધર્મમાં સુખ શીળીયાપણું હોય નહિં. શ્રી મહાવીરના ધર્મમાં વહેમીપણું હોય નહિં. શ્રી મહાવીરના ધર્મમાં વેવલાપણું હોય નહિં. શ્રી મહાવીરના ધર્મમાં મન—વચનની કઠોરતા ન હોય, શ્રી મહાવીરના ધર્મમાં કપટતા હોય નહિં. શ્રી

મહાવીરના ધર્મમાં સાંકડું મન પાલવે નહિં. શ્રી મહાવીરના ધર્મમાં સ્વાર્થીપણું સાથે બને નહિં. શ્રી મહાવીરનો ધર્મ તુચ્છ અહંકારથી દૂર રહે છે. શ્રી મહાવીરનો ધર્મ ખટપટનો ખપ કરે નહિં.

(૨) અહિંસા, સંયમ અને તપ એ ત્રણ જ્યાં છે ત્યાં ધર્મ છે. મનથી, વચનથી કે શરીરથી કોઇ જીવને દુ:ખ ન કરવું તે અહિંસા. લાલસાઓને કબજે રાખવી, તે સંયમ. કર્મને બાળવાનો ઉદ્યમ તે તપ.

(૩) માયા કપટથી બોલવું તે હીંસા છે. કોઇને દગો દેવો તે હીંસા છે. ચાડી ચુગલી ખાવી તે હિંસા છે. કોઇનું બૂરૂં ઇચ્છવું તે હિંસા છે. દુ:ખ દેખી મનમાં ઝુર્યા કરવું તે હિંસા છે. સુખ દેખી ગાંડા ઘેલા થવું તે હિંસા છે. જૂઠું બોલવું તે હિંસા છે. સાચી વાત ખોટા ઇરાદાથી છુપાવવી તે હિંસા છે. કુથલી કરવી તે હિંસા છે, અને ગાળો—ફટાણા બોલવા એ હિંસા છે. ગામ ગપાટા અને નકામી વાતો કરવી તે પણ હિંસા છે. અન્યાય થતો જોઇ રાજી થવું તે હિંસા છે. છતી શક્તિએ અન્યાય અટકાવવા મુદ્દલ મહેનત ન કરવી એ હિંસા છે. દુનીયાની જંજાળમાં રચ્યાપચ્યા રહેવું એ આત્મ હિંસા છે. જીભ વિગેરે ઇંદ્રિઓને આધીન થવું તે આત્મ હિંસા છે. પરમાર્થને ભૂલવો એ આત્મ હિંસા છે. પ્રમાદ એ હિંસા છે. હિંસા સઘળા દુ:ખની જનેતા છે. દુનિયાના સઘળા પદાર્થો નાશવંત છે. આત્મા કદી નાશ પામતો નથી. જડથી અનંત ગુણિ શક્તિ આત્મામાં છે. જડ અને

આત્માનો તફાવત સમજે તે જૈન. જડનો નચાવ્યો નાચે નહીં તે જૈન. જડ પદાર્થ ભોગવવા પડે પણ તેને આધિન ન રહે તે જૈન. શરીર અને મન ઉપર કબજો રાખે તે જૈન. જે રાજાનું લશ્કર કબજે ન રહે તે મરે. જે માણુસની ઇચ્છાઓ કબજે ન રહે તે મરે. મન અને મનની ઇચ્છાઓ જડ છે. ઇચ્છાઓ કરતાં આત્માનું બળ અનંતગણું છે. લાલસાઓને બાળવાનો અગ્નિ તેનું નામ તપ. પૂર્વકર્મને બાળનારો અગ્નિ તે તપ. ઉપવાસ એકાસણું એ તપ છે. અભ્યાસ કરવો જ્ઞાન મેળવવું એ ઉંચો તપ છે. ધ્યાન ધરવું એ સૌથી ઉંચો તપ છે. ઉપવાસ શક્તિ મુજબ કરવા. ધાવણા બાળકની માતાએ ઉપવાસ કરવા નહિં. અજીર્ણના દરદીએ જરૂર ઉપવાસ કરવો. ઉપવાસથી શરીરનો કચરો બળી જાય છે. ઉપવાસ ન બને તેણે એકટાણું કરવું. ઉપવાસમાં ક્રોધ ન કરવો. ઉપવાસમાં બ્રહ્મચર્ય અવશ્ય પાળવું. ઉપવાસમાં આત્માનો વિચાર કરવો. ઉપવાસ દેખાદેખી કરવામાં ડહાપણ નથી. ગર્ભવતિ સ્ત્રીએ ઉપવાસ કરવાં નહીં. ઉપવાસમાં ગામ બહારની ખુલ્લી હવા જરૂર લેવી. મનની શાન્તિને હરકત થાય તેટલા ઉપવાસ કરવા નહીં. ઉપવાસ વિગેરે કોઇ ધર્મક્રિયાનો ગર્વ કરવો નહીં. ઉપવાસ વખતે એકાંતમાં રહી આત્માના વિચાર થાય તો કલ્યાણ થાય. ઉપવાસના પારણે હલકામાં હલકો અને થોડો આહાર લેવો. ઉપવાસ પહેલાં ભારે આહાર લેવો નહિં. ઉપવાસનું ફળ વેચવું નહિં. ઉપવાસ કરતાં વધારે ફળ આપનારો તપ અભ્યાસ છે. ધર્મજ્ઞાનનો અભ્યાસ કર્મોને બાળે છે. અભ્યાસને આળસ સાથે બનતું નથી. અભ્યાસ

હરકોઈ ઉંમરે થઇ શકે. અભ્યાસ કરતાં શરમાય તે જૈન નહિં. અભ્યાસ કરી વિચાર શક્તિ ખીલવવી. દરેક બાબત ઉપર પોતાની બુદ્ધિ વાપરતાં શીખવું. અભ્યાસ કરતાં શંકાઓ કરવી અને ખુલાસા મેળવવા. શંકા પૂછતાં ડરે તે મૂર્ખ. કોઇપણ સારા કામમાં ડરે તે જૈન નહીં. વાંચીને વિચારવું અને પોતાની બુદ્ધિ ફેલાવવી. થોડું બોલવાની ટેવ પાડવી એ મોટો તપ છે, વિચારીને બોલવાની ટેવ પાડવી એ મોટો તપ છે, જ્ઞાન વધારવું એ મોટો તપ છે, પરોપકાર કરવો એ મોટો તપ છે, અને ધ્યાન ધરવું એ સૌથી મોટો તપ છે.

(૪) મનથી કોઈનું ભલુ ઈચ્છવું એ પરોપકાર છે. વાણીથી કોઇને સુખ ઉપજાવવું એ મોટો પરોપકાર છે. પૈસાથી કોઈનું દુ:ખ કાપવું એ પરોપકાર છે. જાતથી કોઇને મદદ કરવી એ પરોપકાર છે. ભૂખ્યા તરસ્યાને સંતોષવા એ પરોપકાર છે. રસ્તો ચુકેલાને માર્ગ બતાવવો એ પરોપકાર છે. અજ્ઞાનીને જ્ઞાન આપવું-અપાવવું એ પરોપકાર છે. જ્ઞાનનાં સાધન ઉત્પન્ન કરવાં એ પરોપકાર છે. લોકહિતના ખાતાને મદદ કરવી એ પરોપકાર છે.

(૫) પરોપકાર વગર પૈસે પણ થઇ શકે. પૈસાનો અને કાયાનો મોહ પરોપકાર થવા દેતો નથી. પરોપકાર વગરનું જીવતર નકામું. પરોપકાર વગરનો દહાડો ફોગટ. પરોપકાર નહીં ત્યાં ધર્મ નહીં. પરોપકારનું મૂળ કોમળ કાળજું. પરોપકાર માટે પૈસાદાર થવાની વાટ જુવે તે મૂર્ખ. પરોપકાર કાલે કરવાના હો તો આજે કરો.

(૬) આ જીંદગી, પહેલાની હજાર જીંદગીનું દેવું વાળવા માટે છે. આ જીંદગી સ્વપ્ન નથી પણ સાચી છે. આ જીંદગી ઘણાં પુણ્યથી મળી છે એને એળે ગુમાવો નહિં. આ જીંદગી ભોગવવાની કળા જાણે તે જ્ઞાની. આ જીંદગીની ખુબી સમજે તે સ્વર્ગ પામે. આ જીંદગીની ખુબી ન સમજે તે નરક પામે. આ જીંદગી મોજ શોખ માટે મળી નથી. આ જીંદગીમાં ઇચ્છાઓને તાબે થાય તે નારકી. ખાવા પીવા માટે જીંદગી નથી, પણ જીંદગી માટે ખાવા પીવાનું છે. પૈસા માટે જીંદગી નથી પણ જીંદગી માટે પૈસો છે. પૈસાનો મોહ જેમ વધારે તેમ નરક ઢુકડું.

(૭) એક ચિત્તે વિચારવું. ધ્યાન ધરવું એ મોટો તપ છે. હું કોણ છું ? કયાંથી આવ્યો ? કયાં જઇશ ? એ વિચારો. આત્માના ગુણ વિચારો. આત્માની શક્તિ વિચારો. જગતની અસ્થીરતા વિચારો. પરમાત્માના ગુણ શક્તિ વિચારો, પરમાત્મા અને આત્માની સરખામણી વિચારો. દુનિયા જીવોથી ઠાંસીને ભરી છે એનો વિચાર કરો. એટલા બધામાં હું કોણ માત્ર છું એનો વિચાર કરો. બધા જીવ મારા જેવા છે એવા વિચાર કરો. બધા જીવોનું કલ્યાણ થાઓ એવું વિચારો. કોઇ જીવથી મારે વૈર નથી એમ વિચારો. કોઈ જીવને મારાથી ઇજા થઇ હોય તો દીલગીર છું. મહાત્મા અને સાધુ પુરૂષોના ગુણ વિચારો. એવા કયારે થઇશું તે વિચારો. આજના દિવસમાં મનથી કયા દોષ થયા તે વિચારો. આજના દિવસમાં વચનથી અને કાયાથી કયા દોષ થયા તે વિચારો. થયેલા દોષોનો

પસ્તાવો મનમાંજ કરો. ફરી એવા દોષ ન થાય એવો સંકલ્પ કરો. દોષ કરાવનાર કારણોને શોધી કાઢો. એવા કારણોથી દૂર રહેવાનો સંકલ્પ કરો. મુદ્દલ દોષ નથી કરતા એવા મહાત્માને વંદન કરો. એ મહાત્મામાં કેટલો બધો વિવેક ગુણ હશે તે વિચારો. વિવેક એટલે સારા ખોટાનો વિચાર કરવાની શક્તિ. વિવેક એટલે હિત અહિતનો વિચાર કરવાની શક્તિ. વિવેક એટલે પ્રમાદ ન હોય. વિવેક હોય ત્યાં લોભ ન હોય. વિવેક હોય ત્યાં સ્વાર્થીપણું ન હોય. વિવેક હોય ત્યાં અજ્ઞાન પણું ન હોય. વિવેક હોય ત્યાં બાધા આખડી ને દેવતાની માન્યતા ન હોય. વિવેક હોય ત્યાં પોતાના આત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા હોય. વિવેક હોય ત્યાં પોતાના આત્મામાં સંતોષ હોય. વિવેક હોય ત્યાં પોતાના આત્માની અનંત બળની હીંમત હોય.

(૮) ગુણી જનને જોઇ ખુશી થવું. ગુણી જનના વખાણ કરવા. ગુણી જનને યથાશક્તિ જરૂરીઆતો પુરી પાડવી. ગુણી જનને નમન કરવું, પણ ગુલામી કોઇની ન કરવી. બીજા મહાપુરૂષ અને હું ગુલામ એમ કદી માનવું નહી. પોતાને નીચ માને તે કદી ઉંચ્ચ દશા પ્રાપ્ત કરી શકે નહી. બહારના ત્યાગથી ભોળવાઇ જવું નહી. બહારના સદ્ગુણથી અંજાઇ જવું નહી. હૃદયના ભાગ બરાબર તપાસવા. તરવાનું છે તે ગુરૂથી નહિ પણ આત્માના બળથી, માટે ગુરૂની ભક્તિ કરવી. પણ ગુરૂ ઘેલા ન થવું. પોતાના આત્મા કરતાં વધારે મોટો મીત્ર કોઇ નથી. પોતાના આત્મા કરતાં મોટો ગુરૂ કોઇ નથી. કોઇ માણસને પોતાના આત્માથી અધિક ન ગણવો.

પોતાનો આત્મા સિદ્ધના આત્મા જેવોજ છે. આ આત્મા એક દિવસ સિદ્ધ થવાનો છે. પોતાના આત્મા માટે ઉંચુ માન ન રાખે તે જૈન નહિં જેને તેને પ્રસન્ન કરવા ભમે તે જૈન નહિં. પોતાની બુદ્ધિપર વિશ્વાસ ન રાખી શકે તે માણુસ નહિં. જેની તેની સલાહ પુછતા ફરે તે આગળ વધી શકે નહિં. સાંભળવું બધાનું પણ કરવું પોતાની બુદ્ધિને પુછીને. જેવી સલાહ પોતાનો આત્મા આપે એવી કોઇ ન આપી શકે. આત્મામાં વિશ્વાસ રાખો એ કદી ઠગશે નહિ. જેમ આત્મામાં વિશ્વાસ વધારે તેમ લાભ વધારે.

(૯) સુખનું મૂળ ધર્મ. ધર્મનું મૂળ દયા. દયાનું મૂળ-વિવેક અથવા જયણા. જયણાથી ચાલો, જયણાથી બોલો, જયણાથી રાંધો, જયણાથી જમો, જયણા વગરનું કામ એ ગુણ વગરના રામ.

(૧૦) પહેરવા ઓઢવામાં મર્યાદા રાખો. ચાલવા બોલવામાં મર્યાદા રાખો. સુવા બેસવામાં મર્યાદા રાખો. નાના મોટાની મર્યાદા રાખો.

(૧૧) સાફ સુફ જરૂર રહો, પણ ફાંકડા દેખાવાની ઘેલછા છોડો. ફાંકડી સ્ત્રી એટલે પારકી વાહ વાહ માટે મરતી ભીખારણ. ફાંકડી સ્ત્રી એટલે મનની વેશ્યા. ફાંકડી સ્ત્રી એટલે આત્મા વગરની પુતળી.

(૧૨) શરીર, કપડાં અને ઘર સ્વચ્છ રાખો. બાળ બચ્ચાં ને આંગણું સ્વચ્છ રાખો. તમારી ટેવોમાં સ્વચ્છ રહો. તમારા વિચારોમાં સ્વચ્છ રહો. તમારી વાણી સ્વચ્છ રાખો. તમારૂં

મન હંમેશાં સ્વચ્છ દર્પણ જેવું રાખો. ખોટા વિચાર, સંકલ્પ વિકલ્પ અને ચિંતાથી મનનું દર્પણ મેલું કરશો નહી. બહાર અને અંતરથી સ્વચ્છ રહો. જ્યાં મલીનતા છે ત્યાં પ્રભુનાં પગલાં થઇ શકે નહિ

(૧૩) સાદાઈ જેવો અમૂલ્ય શણગાર એકકે નથી. વસ્ત્રમાં સાદાઇ રાખો. ઘરમાં સાદાઈ રાખો, ભોજન સાદુ જમો. જેટલો વધારે સ્વાદ તેટલું વધારે જોખમ. સાદા ભોજનથી જેટલી પુષ્ટિ મળે તેટલી માત્રાથી પણ ન મળે. ટેવોમાં સાદાઇ રાખો બોલીમાં સાદાઈ રાખો. ઉડાઉ માણસ એટલે આપઘાત કરનાર માણસ. ઉડાઉ થવાનો હક્ક રાજાને પણ નથી. થોડામાં ગુજારો કરો. થોડું બચાવો. થોડું પરોપકારમાં વાપરો.

(૧૪) એક હાથે દેવાનું છે, બીજા હાથે લેવાનું છે. દીધેલું દશગણા વ્યાજ સાથે પાછું મળે છે. બદલાની આશાએ પરોપકાર કરે તે મૂર્ખ. પરોપકાર અને દાન માત્ર પ્રેમ ભાવથીજ કરવાં.

(૧૫) પરોપકાર કરવાથી માન મળે. માન આપે માન મળે. સંપીને ચાલવાથી માન મળે. પ્રમાણિકપણાથી માન મળે. નમ્ર સ્વભાવે માન મળે. ટેક સાચવવાથી માન મળે. બુદ્ધિબળથી માન મળે. માન માગનારથી માન વેગળું નાસે.

(૧૬) બુદ્ધિ વધારે અને નીતિ સુધારે તે વિદ્યા. વિદ્યા જન્મ મરણના ફેરા ટાળનાર ગુરૂ છે. વિદ્યા કલ્પવૃક્ષ છે. વિદ્યા સાચો મીત્ર છે. વિદ્યા પરમ દૈવત છે. વિદ્યા સુખની જનેતા છે. વિદ્યા અજ્ઞાન અને વહેમની શત્રુ છે. વિદ્યા ફુગનો મહીમા

વધારનારી છે. વિદ્યા જેવો રક્ષક બીજો કોઇ નથી. વિદ્યા પ્રેમ વધારનારી છે. વિદ્યા પ્રેમને નિર્મળ રાખનારી છે. વિદ્યા મોક્ષને આપનારી છે. વિદ્યા આનંદનું સાધન છે. વિદ્યા દુઃખીનો સાથી છે. વિદ્યા મુસાફરનો વળાવો છે. વિદ્યા આંખ છે. ચોપડીમાંથી, ગુરૂ પાસેથી તેમ અવલોકનથી પણ વિદ્યા મળે છે.

(૧૭) દુનિયામાં હજારો ભુલ ભુલામણી છે. ભુલ ભુલામણીથી બચવા માટે મીત્રની જરૂર છે. સ્ત્રીનો સારામાં સારો મીત્ર તે-પતિ. પતિ અને પત્ની એક ગાડાનાં બે પઈડાં છે. જે ગાડાનું એક પઈડું નબળું તે ચાલી શકે નહીં. પતિનું ઘર સારી રીતે ચલાવે તે પત્ની. ઘર ચલાવવાની વિદ્યા શિખવા પહેલાં પરણે તે મૂર્ખ. પરણવાની ઉતાવળ કરે તે જૈનઃ નહીં. લાયકાત વગરના પતિ-પત્ની દુનીઆને ભારરૂપ છે. પોતાનું હીત સમજે નહીં તે શ્રાવીકા નહીં. મા બાપ જલ્દી પરણાવે તો કરગરીને પણ સમજાવવાં. બુદ્ધિ અને પૈસા વગર વેપાર કરે તે મૂર્ખ. બુદ્ધિ અને શરીર ખીલ્યા પહેલાં પરણે તે મૂર્ખ.

(૧૮) પતિ એટલે જીંદગીભરનો સાથી. જીંદગીભરનો દસ્તાવેજ વગર વિચાર્યો કરે તે મૂર્ખ. દુર્ગુણી, રોગી, કાયર એવા પુરૂષને જાણીને પરણે તે મૂર્ખ. પુરૂષના ગુણની તપાસ કર્યા વગર પરણે તે આત્મઘાતી. વ્યાજબી તપાસમાં શરમ રાખે તે આત્મઘાતી. જીંદગીભર નભાવવાના કામમાં શરમાય તે જરૂર કરમાય. રૂપથી મોહે તે ગમાર. વૈભવથી મોહે તે પામર. મોટાઇથી અંજાય તે અંધ. ગુણ પીછાની શકે તે જૈન. પતિ ગુણી મળે તોજ શ્રાવીકા ધર્મ ઠીક પાળી શકાય.

(૧૯) પત્ની એટલે પતિની સહચારીણી. પતિની જીંદગી ઉંચ બનાવે તે પત્ની. પતિને મદદગાર થાય તે પત્ની. પતિનો સારામાં સારો મિત્ર તે પત્ની. પતિના ઝુંપડાને મહેલ બનાવે તે પત્ની. પતિના સુખ દુઃખ ને વિચારોમાં ભાગ લે તે પત્ની. પતિના દોષ નમ્રતાથી સુધારે તે પત્ની. પતિને આગળ વધવામાં સહાય કરે તે પત્ની. પતિનો ટેક જાળવાવે તે પત્ની. પતિને કંટાળવા ન દે તે પત્ની. પતિને ઘરની ઉપાધિથી બચાવે તે પત્ની.

(૨૦) અલંકાર અને ઠાઠમાઠ ઇચ્છે તે દાસી. શરીરના ભોગ ઇચ્છે તે વેશ્યા. પતિનું સુખ ઇચ્છે તે પત્ની. પતિની ઉન્નતિ માટે આત્મભોગ આપે તે દેવી.

(૨૧) શ્રાવિકાએ સવારમાં વહેલા ઉઠવું. શ્રાવીકાએ બાળબચ્ચાંને ભણાવવાં. શ્રાવીકાએ કુટુંબ વત્સલતા રાખવી. શ્રાવીકાએ પાડોસીને મદદ કરવી. શ્રાવીકાએ અતીથિનો સત્કાર કરવો. શ્રાવીકાએ ઘરનો હીસાબ રાખવો. શ્રાવીકાએ દુઃખી માટે દરવાજા ખુલ્લા રાખવા. શ્રાવીકાએ સાસુ સસરાનું સન્માન કરવું. શ્રાવીકાએ રોજ કાંઈ કાંઇ નવું શીખવું. શ્રાવીકાએ શરીરને મહેનત પડે એવું કામ રોજ કરવું. શ્રાવીકાએ દરેક ચીજ સાફસુફ રાખવી. શ્રાવીકાએ કામકાજનો નિયમ રાખવો. શ્રાવીકાએ ઘડી પણ નવરા બેસવું નહિં. શ્રાવીકાએ સંતોષી બનવું. શ્રાવીકાએ સમય વર્તીને ચાલવું. શ્રાવીકાએ ગંભીર બનવું. શ્રાવીકાએ ઠઠ્ઠા-મશ્કરીથી દૂર રહેવું. શ્રાવીકાએ હીંમતવાન બનવું. શ્રાવીકાએ દુષ્ટજનોથી ચેતતા રહેવું.

(૨૨) શ્રાવિકાએ કોઈ કોઇ વખત કુટુંબ જાગરણ કરવું. કુટુંબ જાગરણ એટલે કુટુંબના માણસોનો સુખ દુઃખનો વિચાર. કુટુંબ જાગરણ એટલે કુટુંબ સુધરે છે કે બગડે છે તેનો વિચાર. કુટુંબ જાગરણ એટલે કુટુંબના દરેક માણસની જરૂરીઆતોનો વિચાર. કુટુંબ જાગરણ એટલે કુટુંબના રસ્તાને સુધારવાનો વિચાર. શ્રાવિકાએ વખતો વખત ધર્મ જાગરણ કરવું. ધર્મ જાગરણ એટલે ધર્મ સંબંધી વિચાર. ધર્મ જાગરણ એટલે આત્મા સંબંધી વિચાર. ધર્મ જાગરણ એટલે પોતાના કામો અને વિચારોની તપાસ.

(૨૩) ડાહી સ્ત્રી કરકસરમાં હોંશીઆર. ડાહી સ્ત્રી હમેશ મીતાહારી. ડાહી સ્ત્રી હમેશ મીત્ત ભાષી–થોડું બોલનારી. ડાહી સ્ત્રીનો હમેશ બોલ મીઠો નીકળે. ડાહી સ્ત્રીની ટેવો મર્યાદાવાળી. ડાહી સ્ત્રી હમેશ ઉદ્યમી. ડાહી સ્ત્રી કોઈની ખોટી આજ્ઞા ન પાળે. ડાહી સ્ત્રી માણસ જોઇને વર્તે. ડાહી સ્ત્રી ગરીબાઇથી શરમાય નહીં. ડાહી સ્ત્રી શ્રીમંતાઈથી છલકાય નહીં. ડાહી સ્ત્રી પોતાની સ્થીતિ છુપાવે નહીં. ડાહી સ્ત્રી દરેક સ્થીતિમાં મોટું મન રાખે. ડાહી સ્ત્રીને શરીરના સુખ કરતાં મનનાં સુખ વધારે વહાલાં.

(૨૪) આહાર, નીંદ્રા, ભય અને કામવાસના વધાર્યા વધે. આહાર વધારે તે બીમાર થાય. નિંદ્રા વધારે તેની બુદ્ધિ જાય. ભય વધારે તેનું બળ જાય. કામવાસના વધારે તેની માણસાઈ જાય.

(૨૫ સોબત પોતાથી વધારે ગુણવાનની કરવી. સોબત બરાબર ન મળેતો એકલાં રહેવું. ઝાઝાથી વેર ન કરવું. ઝાઝાથી

દોસ્તી ન કરવી. પ્રેમ ત્યાં પડદો નહિ, પડદો ત્યાં પ્રેમ નહિ. માણસપરના પ્રેમપરથી પરમાત્માપરનો પ્રેમ શીખો.

(૨૯) દુનીઆ અનુભવ શાળા છે. ઘર નીશાળ છે. સારા-માઠાં પ્રસંગો આપણા શિક્ષક છે. સંજોગો આપણેજ એક દિવસ ઉત્પન્ન કર્યા હતાં, સંજોગો આપણા માલીક નથી. આપણે તેના નિયંતા છીએ. આત્માનો સ્વામી કોઇ નથી. પતિ પણ નહિ. દેવલોક કે મોક્ષ જોઇએ તો અહીંજ દેવ બનો. ઉચ્ચ જીવન એ પરમ ધર્મ છે. કરવા લાયક કોઇ કામ હલકું જણાય તો પણ પવિત્ર માનો. દુઃખથી હાય વોય ન કરે તે પાછલાં કર્મો બાળે. આત્મા અમર, જ્ઞાનરૂપ, આનંદરૂપ છે. અમર, જ્ઞાની તરીકે મન સદા આનંદમાં રાખો.

૧૨. દરેક ધર્મ કાર્યમાં ભાવની આવશ્યકતા.

જેમ દાન, શીયળ ને તપ ભાવ સહિત હોય તો દીપે છે, તેમજ દરેક કાર્ય કરે પણ ભાવ વિના દીપતાં નથી, ને બને પણ નહિ, ક્રોડો સોના મહોરનું દાન આપે પણ ભાવ ન હોય તો સિદ્ધિ નથી. તેમજ શીયળ વ્રત પાળે પણ તેમાં ભાવ ન હોય તો ફળે નહિં. તપ કરી કાયા શોસવી નાખે પણ ભાવ ન હોય તો ફળ મળતું નથી. ભાવ સહિત કરે છે તેનું નાનું અગર મોટું કાર્ય જે કરે તે ઘણું દીપે છે, ને તેમાં ભાવ હોય તો ફત્તેહ પામે છે. જેમ એલાચી કુમાર પોતાનું ઉત્તમ કુળ તજી, કામને વશ થઇ, નટવીને આધીન થયો ને

તેની સાથે જ્યાં જાય ત્યાં શરમ તજીને નાચ કરવાનો ધંધો કરતો હતો પણ સાધુ મુનિરાજને વહોરતાં દેખીને તેને ભાવ પ્રગટ થયો તો તે ક્ષણ માત્રમાં મુક્તિ પામ્યા. કરકંડુ મુનિ પણ ભાવથી કર્મ ક્ષય કરી મુક્તિ પામ્યા. કપીલ મુનિએ ભાવથી વૈરાગ્ય સાધ્યો તો ક્ષણમાં કેવળ ઉત્પન્ન થયું. ગૌતમ સ્વામીના પંદરસેં શિષ્ય તાપસ હતા પણ ભાવ વડે કરીને કેવળ જ્ઞાન પામ્યા. ખંધક ઋષિના શિષ્યોને ઘાણીમાં ઘાલીને પીલ્યા તે પણ ભાવ વડે ક્ષણ માત્રમાં મુક્તિને પામ્યા. ભગવંત ઋષભ દેવ સ્વામીના પુત્ર ભરતચક્રિને, મરૂદેવા માતાને, ફકત બે ઘડી ભાવના ભાવતાં કેવળ ઉત્પન્ન થયું અને જન્મ મરણથી મુકત થઇ મોક્ષ ગામી થયાં. બળભદ્ર મુનિને રથકારે વનમાં દાન આપ્યું, મૃગને તે જોઇ ભાવ ઉત્પન્ન થયો, તો તે પાંચમે દેવલોકે ગયો મહાસતી મૃગાવતીએ પોતાની ગોરાણી ચંદનબાળા પાસે અપરાધ ખમાવ્યો તે પણ ભાવથો ખમાવ્યો તો કેવળ ઉપન્યું. દુર્ગતા નામની સ્ત્રી ભંગવાન મહાવીર પધાર્યા જાણીને ઘણા પ્રેમ સહિત વંદણા કરવા ચાલી તે ભાવ વડે રસ્તામાં કાળ કર્યો તો તે દેવલોકને પામી. અષાડાભૂતિ મુનિને નાટક કરતાં ભાવ ઉત્પન્ન થયો તો કેવળી થયા. સોમીલ બ્રાહ્મણે ગજસુકમાળને માથે માટીની પાળ બાંધી અંગારા ભર્યા તો પણ ભાવ ચડતા રાખ્યા ને પોતાના ધ્યાનથી ચુક્યા નહિ તો તે ભાવથી મુક્તિ પ્રાપ્ત થઇ. ભાવ થકી ફકત વંદણા કરે તો પણ તેનું કલ્યાણ થાય છે. ભાવ વિના દાન કરે અગર ધર્મ કરણી કરે પણ તેનું ફળ ભાવના બરાબર થતું નથી.

પૂર્ણ ફળ ભાવના સાથે હોય તોજ મળે છે, માટે દરેક ધર્મ કાર્ય ભાવના સહિત કરવાં.

સદાર સંતોસિએ અવસેસં મેહુણ વિહંના પચ્ચખાણ—

એટલે જે પોતાની પરણેલી સ્ત્રીથીજ સંતોષ માને, અને બીજા કોઇની સાથે મૈથુન સેવવાનું પચ્ચખાણ કરે તેને ચોથું અનુવ્રત કહેવાય છે. આ પ્રમાણે પોતાની સ્ત્રી ઉપરાંતનાં પચ્ચખાણ તેજ જ્યારે ચોથું અનુવ્રત ગણાય છે, તો પછી તેમાં આગાર હોય એમ બોલવું તે શ્રાવકનું તો રહ્યું પણ માણસાઇનુંજ લક્ષણ નથી. અને પોતાની સ્ત્રીનાં પચ્ચખાણ લેવાં તે તો ચોથા અનુવૃત ઉપરાંત એક ઉત્તમ પ્રકારની તપસ્યા છે. કેમકે શ્રી ભગવંતનું ફરમાન છે કે બ્રહ્મચર્ય સમાન કોઇ તપ નથી.

શીયલરૂપી રત્ન જેનું ગુમ થયું છે, તેને નરસિંહ મહેતાએ પશુ ગણેલ છે. જ્યારે નરસિંહ મહેતાને ભ્રષ્ટ કરવાનું કામ એક કુલટાએ કરવાનું માથે લીધું, તે કુલટાએ નરસિંહ મહેતા ઉપર અનેક પ્રકારના હાવ ભાવ કર્યા. ત્યારે મહાન ભકતે તે બાઇને કહ્યું કે તમે માણસ છો કે જનાવર ? તે બાઇએ જવાબ આપ્યો કે હું માણસ છું, ત્યારે નરસિંહ મહેતાએ કહ્યું કે માણસને તો જોડલાં નાતથી નીમી આપેલ છે. જેને દેખે તેના સામી દ્રષ્ટિ કરવી તે કામ તો જનાવરનું છે, કે જે સહોદરને પણ ઓળખે નહી, તેમ જનેતાને પણ ઓળખે નહી.

લગ્ન એ સ્વાર્થ ત્યાગની પાઠશાળા છે, પરણેલ જીવન માણસને આપ-લે શીખવે છે, આગ્રહ દુરાગ્રહના ત્યાગનું ત્યાં શિક્ષણ મળે છે, ત્યાંજ માણસ સામાજીક જીવનને લાયક બને છે, વળી લગ્ન એ એવી સંસ્થા છે કે સ્ત્રી યા પુરૂષને જીવનના જુદા જુદા સમયોના આગળ પડતી જરૂરીઆતો પૂરી પાડે છે. યુવાવસ્થામાં પ્રેમના ઉછાળાઓએ કયા યુવક કે કઇ યુવતીના હૃદયપર સત્તા નહિ સ્થાપી હોય ! લગ્ન તે ઉછાળાઓને પવિત્ર દિશામાં સંકુચિત રાખે છે, લગ્ન તે ઉછાળાઓને શાન્તિપ્રદ બનાવે છે, જ્યારે લગ્ન વિના તે સ્ત્રી પુરૂષના જીવનને બાળનારા, સંહારનારા, નીવડે છે, તોફાનની શાન્તિ પછી આધેડ વયે, કઈ સ્ત્રીને કયા પુરૂષને પોતાના જીવન સખાની જરૂર નથી માલૂમ પડતી ? લગ્ન આ સખ્ય પૂરૂં પાડે છે. વળી વૃદ્ધાવસ્થામાં સૌ કોઇને શારીરિક અશક્તિ માલમ પડે છે, તે સમયે પત્ની પતિની સેવિકા બને છે, ને પતિ પત્નીનો સેવક બનવો જોઈએ, જુદી જુદી જીવનની અવસ્થાઓમાં એક સરખી રીતે સહાયક બીજું શું હોઇ શકે ? લગ્નજ;

અર્થાત્ લગ્નના પરિણામ રૂપનો સંબંધ પ્રાચિન કાળમાં શુદ્ધ એક પત્નિવ્રતને પાળનારા અસંખ્ય પુરૂષો થઈ ગયા છે. એમાંથી સંકટ સહી નામાંક્તિ થયેલો સુદર્શન નામનો એક સત્પુરૂષ પણ છે, એ ધનાઢય સુંદર મુખમુદ્રાવાળો કાંતિમાન અને મધ્ય વયમાં હતો. જે નગરમાં તે રહેતો હતો તે નગરના રાજ્ય દરબાર આગળથી કંઇ કામ પ્રસંગને લીધે તેને નીકળવું પડયું. એ જ્યારે ત્યાંથી નીકળ્યો ત્યારે રાજાની અભયા નામની રાણી પોતાના આવાસના ગોખમાં બેઠી હતી

ત્યાંથી સુદર્શન ભણી તેની દ્રષ્ટિ ગઇ, તેનું ઉત્તમ રૂપ, અને કાયા જોઇને તેનું મન લલચાયું, એક અનુચરી મોકલીને કપટ ભાવથી નિર્મળ કારણ બતાવીને સુદર્શનને ઉપર બોલાવ્યો, કેટલાક પ્રકારની વાત ચિત કર્યા પછી અભયાએ સુદર્શનને ભોગ ભોગવવા સંબંધીનું આમંત્રણ કર્યું, સુદર્શને કેટલોક ઉપદેશ આપ્યો તો પણ તેનું મન શાન્ત થયું નહી, છેવટે કંટાળીને સુદર્શને યુક્તિથી કહ્યું, "બહેન હું પુરૂષત્વમાં નથી" તો પણ રાણીએ અનેક પ્રકારના હાવ ભાવ કર્યા, એ સઘળી કામચેષ્ટાથી સુદર્શન ચળ્યો નહી, એથી કંટાળી જઇને રાણીએ તેને જતો કર્યો, એકવાર એ નગરમાં ઉજાણી હતી. તેથી નગર બહાર નગરજનો આનંદથી આમ તેમ ભમતાં હતાં. ધામ ધુમ મચી રહી હતી, સુદર્શન શેઠના છ દેવ કુમાર જેવા પુત્રો પણ ત્યાં આવ્યા હતા, અભયા રાણી કપિલા નામના દાસી સાથે ઠાઠમાઠથી ત્યાં આવી હતી, સુદર્શનના દેવ પૂતળાં જેવા છ પુત્રો તેના જોવામાં આવ્યા, કપિલાને તેણે પૂછ્યુ "આવા રમ્ય પુત્રો કોના છે" કપિલાએ સુદર્શન શેઠનું નામ આપ્યું, એ નામ સાંભળીને રાણીની છાતીમાં કટાર ભોંકાઇ, તેને કારી ઘા વાગ્યો. સઘળી ધામધુમ વીતી ગયા પછી માયા કથન ગોઠવીને અભયાએ અને તેની દાસીએ મળી રાજાને કહ્યું, તમે માનતા હશો કે મારા રાજ્યમાં ન્યાય અને નીતિ વર્તે છે, દુર્જનોથી મારી પ્રજા દુ:ખી નથી, પરંતુ તે સઘળું મિથ્યા છે. અંત:પુરમાં પણ દુર્જનો પ્રવેશ કરે ત્યાં સુધી હજુ અંધેર છે ! તો પછી બીજાં સ્થળ માટે પૂછવું પણ શું ? તમારા નગરના સુદર્શન નામના શેઠે મારી

કને ભોગનું આમંત્રણ કર્યું; નહી કહેવા યોગ્ય કથનો મારે સાંભળવાં પડયાં, પણ મેં તેનો તિરસ્કાર કર્યો, એથી વિશેષ અંધારૂં કર્યું કહેવાય ! રાજા મુળે કાનનાં કાચા હોય છે, એતો જાણે સર્વ માન્ય છે. તેમાં વળી સ્ત્રીનાં માયાવિ મધુરાં વચન શું અસર નકરે ? તાતા તેલમાં ટાઢા જળ જેવાં વચનથી રાજા ક્રોધાયમાન થયો, સુદર્શનને શુળીએ ચઢાવી દેવાની તત્કાળ તેણે આજ્ઞા કરી દીધી અને તે પ્રમાણે સઘળું થઇ પણ ગયું, માત્ર શૂળીએ સુદર્શન બેસે એટલી વાર હતી.

સુદર્શન શેઠની સ્ત્રી મનોરમાએ આ ત્રાસદાયક સમાચાર તથા શૂળીનો હુકમ સાંભળી સાગારી સંથારો કર્યો. ઉપસર્ગ રહે ત્યાં સુધી કાઉસગ કર્યો, ગમે તેમ હો, પણ સૃષ્ટિના દિવ્ય ભંડારમાં અજવાળું છે. (સત્યનો પ્રભાવ ઢાંકયો રહેતો નથી) સુદર્શનને શૂળીએ બેસાડયો કે શૂળી ફાટીને ઝળ ઝળતું સોનાનું સિંહાસન થયું, અને દેવદુદુંભીના નાદ થયા, સર્વત્ર આનંદ વ્યાપી ગયો, સુદર્શનનું સત્ય શીળ વિશ્વ મંડળમાં ઝળકી ઉઠયું. (સત્ય શીળનો સદા જય છે) શીયળ અને સુદર્શનની ઉત્તમ દ્રઢતા એ બન્ને આત્માને પવિત્ર શ્રેણિએ ચઢાવે છે.

લગ્ન જેવો ચિરસ્થાઇ સબંધ મૂઢ મા બાપો વગર વિચારે કરે છે ! એક પૈસાનું શાક તેઓ બહુજ ચોકશીથી લે છે, કારણ કે તે વિના તેમનો આખો દિવસ બગડે છે, વસ્ત્રોની ખરીદી તેઓ અનેક દુકાને જઇ વિવિધ પ્રકારનાં વસ્ત્રો વિલોકી તેમાંથી મન ગમતાં પસંદ કરી કરે છે. અરે ! કુંભારને ત્યાંથી માટીનાં મટકાં લેવામાં પણ તેઓ પુરતી તપાસ કરે

છે, પણ પોતાનાં સંતાનોનું ભવિષ્ય જેના ઉપર આધાર રાખે છે, તેવાં લગ્નનો સબંધ તેઓ તપાસ કર્યા વિના બાંધે છે. તેમનાં અંતઃકરણમાં એવુંજ ભૂત ભરાયું હોય છે કે બાળક કે બાળકીનાં લગ્ન પૈસાદાર, વગદાર, અને ખાનદાન કુટુંબમાં થયાં તો જગ જીત્યા. તેઓ એમ સમજતાં નથી કે લગ્નમાં નથી જોવાનો વૈભવ કે નથી જોવાનાં સગાં વહાલાં, નથી જોવાના મહેલો કે નથી જોવાના બાગ બગીચા, નથી જોવાના હીરા મોતીના હારો, પોતાની પત્નીનું કલ્યાણ કરવું એ સ્વામીનું કર્તવ્ય છે, અને સર્વ પ્રયત્નથી સ્વામીનું શુભાનુષ્ટાન કરવું એ પણ સ્ત્રીનું જરૂરનું કર્તવ્ય છે. તેણે છાયાની પેઠે સ્વામીની અનુગત થવું તથા સખીની પેઠે તેનું હિત કર્મ કરવું, અને પ્રિય વચન તથા પ્રિય કાર્યથી તેને સર્વદા સંતુષ્ટ રાખવો. પતિએ પત્નિીને રીતસર કેળવણી આપીને તેની બુદ્ધિ, વૃત્તિ ને સ્વચ્છ, ધર્મ પ્રવૃત્તિની ઉન્નતિ તથા ખોટા વિચારો દૂર કરીને શારીરિક તથા માનસિક નિયમોનો ઉપદેશ આપવો જોઇએ, અને જેથી તે સર્વ નિયમો પાળવાને તેનો યત્ન તથા પ્રેમ થાય તથા કરૂણામય પ્રભુના ઉપર ભક્તિશ્રદ્ધા સંચારિત તથા વર્દ્ધિત થાય તેના વિષે યત્ન કરવો, એ સ્વામિનું સર્વ પ્રકારનું કર્તવ્ય છે. જે વિષયનો વિચાર કર્યાથી તથા અનુષ્ટાન કર્યાથી આનંદ ઉત્પન્ન થાય, તેને તે વિષયનો રસાસ્વાદ આવ્યાથી પુરૂષ કેળવણી પામેલાં હોવાં એ ઘણાં સુખનો વિષય છે, કુટુંબમાં ઝગડો થવાની સંભાવના છે. તેમાં ઘણુંક ઓછાપણું થાય, અને જો કદાપિ તેમાં કોઇ પ્રકારનો વિરોધનો આરંભ થાય તો થોડા વખતમાં જતો રહે છે. જે પ્રીતિથી

બંધાયલાં જ્ઞાનવાન, દંપતિ પોત પોતાનાં સંસારિક કાર્યો પૂરાં કરીને સાયંકાલે એકત્ર બેસીને બેઉ ધર્મનીતિ અથવા પદાર્થ વિદ્યા સંબંધી કોઇ સારાં પુસ્તકોનુ અધ્યયન કરીને સમય પસાર કરે છે.

પતિ પત્નિનાં અંત:કરણને સાંધનાર પ્રેમ તે દિવ્ય ગુણ છે. તેના વિના દંપતિનાં મન મળતાં નથી અને તે વિના સંસારમાં સુખી થવાતું નથી. જે દંપતીમાં પ્રેમ રૂપી અલૌકીક ગુણનો નિવાસ છે. તેઓ જંગલને મંગલ ગણે છે. બાજરીની રાબડીને દુધપાકથી અધિક સ્વાદિષ્ટ માને છે, ખાદીનાં જાડાં વસ્ત્રોને તેઓ મલમલ રેશમ કે મખમલથી અધિક કોમલ સમજે છે. ઝુંપડાને તેઓ ગગન ચુંબીત મહેલથી વિશેષ સુખકારી માને છે. અને દરિદ્રતાને તેઓ શ્રીમંતાઇથી વધારે પસંદ કરે છે. પ્રેમ વિનાનું જીવવું તે પ્રાણ વગરના દેહ સમાન છે, પ્રેમ વિનાનો સંસાર તે સ્મશાન તુલ્યજ છે, અને પ્રેમ વગરનાં લગ્ન તે માત પિતાની સમ્મતિથી વ્યભિચાર સદ્રશજ છે.

માણસની જીંદગીનાં આ (૧૦) દશ નાટકતો જુઓ!

બાળકપણું ખેલવામાં, જુવાની રાગરંગમાં અને વૃદ્ધાવસ્થા શરીરનાં દુ:ખો રડવામાં ગુમાવી દઇ આ મૂર્ખ નાટકીઓ–બાંધી મુઠીએ આવ્યો હતો પણ ખાલી મુઠી સાથે બીજી મુસાફરી માટે ચાલ્યો જાય છે! આ મુસાફરીમાં મેળવેલા જ્ઞાન સિવાય બીજી મુસાફરીમાં ત્હેને સહી સલામત રસ્તે દોરનાર બીજું કોઇ નથી.

માટે જ્ઞાન પ્રાપ્ત કરો ! જ્ઞાન મેળવો ! સદ્જ્ઞાન માટે બને તેટલું કરો "તેજ જીવ્યો કે જેણે જ્ઞાન-આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લીધું" ત્હમને નાટકીઆ મટાડી નરેશ બનાવનાર, ત્હમારાં સઘળાં દુઃખો અને ચિંતાઓ દૂર કરનાર, ત્હમારૂં અજ્ઞાન તિમિર હઠાડી ત્હમને સદાના આનંદમાં મશગુલ કરનાર માત્ર જ્ઞાન છે. માટે જ્ઞાનની ખરા રૂપમાં ભક્તિ કરો. જ્ઞાન ભણો, ભણાવો, જ્ઞાનનાં સાધનોને ઉત્તેજન આપો ! અને જ્ઞાનની જનેતા સમાધિ શાખો !

૧. જન્મ—બાંધી મુઠીએ આવ્યો.

૨. ૧૦ વર્ષ-નિર્દોષ રમત ગમત.

૩. ૨૦ વર્ષ-ચિંતા રહીત આશક.

૪. ૩૦ વર્ષ-(પિતા) સંસાર સ્ટીમરનો કેપ્ટન.

૫. ૪૦ વર્ષ-જાહેર જીંદગી.

૬. ૫૦ વર્ષ-ભૂત અને ભવિષ્યનો શાંત રીતે વિચાર કરે છે.

૭. ૬૦ વર્ષ-નીચે ઉતરવા માંડે છે.

૮. ૭૦ વર્ષ-લાકડી વિના ચાલતું નથી.

૯. ૮૦ વર્ષ-જીંદગીનો દહાડો તેને મન રાત્રી જેવો થઇ ગયો.

૧૦ ૯૦ વર્ષ-પંચભૂતની પાસેથી માગી લીધેલા પદાર્થો પંચભૂતને પાછા આપવાની તૈયારીમાં.

"ખુલ્લી મુઠીએ મરણ પામ્યો."

વચનામૃતો.

૧. જેણે આત્મ સેવા કરી નથી, તેનાથી દેશ સેવા થઇ શકતી નથી.

૨. તમે ફક્ત લાયકજ બનો, એટલે કે ઇચ્છા નહિ કરો તો પણ તમારે યોગ્ય બધુંજ તમને પ્રાપ્ત થશે.

૩. જેવી રીતે દૂધ અથવા બીજી કોઇ ચીજ રાખવાને માટે વાસણને સાફ કરવાની જરૂર છે, તેવીજ રીતે હૃદયમાં આનંદને રાખવાને માટે હૃદય ને પણ સાફ કરવાની જરૂર છે. લોકો કહે છે કે ઘી ખાવાથી તાકાત આવે છે, પણ જ્યાં સુધી તેમાંથી મેલ નીકળી જતો નથી ત્યાં સુધી ઘી નુકશાન કરે છે, જ્યાં સુધી કવીનાઇન કરીઆતું અથવા એવીજ કોઇ કડવી દવા ખાવામાં ન આવે, ત્યાં સુધી તાવ દૂર થતો નથી, તેજ પ્રમાણે જ્યાં સુધી મન પવિત્ર અને શુદ્ધ થતું નથી ત્યાં સુધી જ્ઞાનનો રંગ કદિ પણ ચઢતો નથી.

૪. જે મનુષ્યો પશુઓની માફક બે પરવાથી પ્રજાની વૃદ્ધિ કરે છે, એટલુંજ નહિ પરન્તુ તેનાથી પણ બે ડગલાં આગળ વધીને વખત બે વખત મોજને માટે પોતાના વીર્યનો નાશ કરે છે, તેમને ધિક્કાર છે.

૫. ધર્મનો કોઇએ ઇજારો રાખી લીધો નથી, ગમે તે માણસ ધર્મ પ્રમાણે આચરણ કરી શકે છે.

૬. જેવો જાતનું અન્ન તમે ખાશો તેવા તમારા આચાર વિચાર થશે.

૭. આપણા ગેરવર્તનથી કોઇની દષ્ટિને કષ્ટ થવા ન દેવું, આપણી તરફ જોનારા સર્વને પ્રેમયુક્ત સ્મિતપૂર્વક આશીર્વાદ આપવો, અને આપણાં નેત્ર વિશ્વનાં ચક્ષુને એટલી અનન્ય ભક્તિથી અર્પણ કરવાં કે આપણો અહંકાર નાશ થવાથો વિશ્વના ચક્ષુરૂપ પરમાત્મા આપણા નેત્રોમાં સદા પ્રકાશતો રહે.

૮. દેશ હિતના કામમાં પોતાના પ્રાણ અર્પવાને પણ સજ્જ એવા પારમાર્થિક વીર બનો ! ક્ષુદ્ર અહંપણું ફેંકી દઇને દેશ સાથે તાદાત્મ્ય પામ્યા પછી તમારા મનમાં ગમે તે વિચાર આવશે, તે સર્વ દેશનોજ બનશે. તમે આગળ ચાલો ! આખો દેશ તમારી પછવાડે આવશે.

૯. સર્વ દાનોમાં વિદ્યાદાન શ્રેષ્ઠ છે. કોઇ માણસને તમે એક દિવસ જમાડશો તો પણ બીજે દિવસે તો અવશ્ય તેને ભૂખ લાગશેજ, પરન્તુ જો તમે તેને એકાદ હુન્નર શીખવશો તો તેની આખી જીંદગીનો ખોરાક પૂરો પાડવાનું પુણ્ય તમને પ્રાપ્ત થશે.

૧૦. હિંદુસ્થાનના દરેક માણસના હૃદયમાં એવી ભાવના ઉત્પન્ન થવી જોઇએ કે સંપત્તિ, જ્ઞાન, સત્તા, અથવા યોગ્યતા ઇત્યાદિ બાબતોમાં આપણાથી જે લોકો ઉતરતી પંક્તિના હોય તેઓ આપણી મદદને યોગ્ય આપણાં બાળકોજ છે.

૧૧. આપણો આત્મા તે સર્વનો આત્મા છે. એવું જ્ઞાન થયા વગર તમને શાંતિ મળનાર નથી.

૧૨. જ્યાં સુધી આપણે એક બીજાના દોષજ શોધ્યા કરીશું, ત્યાં સુધી દેશમાં પ્રેમ અને ઐકયતાની વૃદ્ધિ કદી પણ થશે નહિ.

૧૩. સ્વાનુભવ કરતાં વધારે યોગ્ય બીજો કોઇ ગુરૂ નથી.

૧૪. દેહાત્મભાવ, ઇંદ્રિયાશક્તિ વગેરેના ક્ષુદ્ર વિચારોથી આત્માને દુષિત ન થવા દેવો એજ ખરી પવિત્રતા છે.

૧૫. પતિએ પોતાની પત્નીને ધર્મશિક્ષણ આપવું. જે પુરૂષ પોતાની સ્ત્રીનો અધ્યાપક કે આચાર્ય નથી, અથવા જે સ્ત્રીદ્વારા એનો પતિ ઉચ્ચ શિક્ષણ પામી ઉન્નત નથી બનતો એ દમ્પતિ વર્તન કરનારી સ્ત્રી પાપી છે, અને જે પુરૂષ પોતાની સ્ત્રીને માટે પોતાના ગૃહને વિશ્વ વિદ્યાલય નથી બનાવતો તે પણ પાપીજ છે, એક બીજાને આજ સત્ય માર્ગ છે.

૧૬. પત્ની, પતિનું ખરૂં શુભ ઇચ્છવાનું અને પતિ પત્નીનું શુભ વધારવાનું માથે લે નહિ ત્યાં સુધી ધર્મની ઉન્નતિ કદાપિ થઇ શકે નહિં. પોતાના પતિ અથવા પત્નીના ચાહક થવાનું મુખ્ય કર્તવ્ય તેઓ દરેકને શિરે રહેલું છે. આ કર્તવ્ય બજાવવાને દરેક સ્ત્રી પુરૂષ બંધાયલાં છે.

૧૭. તત્વજ્ઞાનનો અભ્યાસ કરો, અને વિચારોને નિર્મળ બનાવવા પ્રયત્ન કરો.

૧૮. જીવન ક્રમમાં ત્યાગ કરવા લાયક, અંગિકાર કરવા લાયક અને જાણવા લાયક શું છે ? તેનો નિર્ણય કરો.

૧૯. પોતાની શક્તિનો વિચાર કરો અને શક્તિ મુજબ ઉન્નતિ ક્રમમાં આગળ વધો.

૨૦. આત્મ વિશ્વાસ રાખો, કોઈના આધાર ઉપર વિશ્વાસ ન રાખો તમારો ઉદ્ધાર કરવો એ કેવળ તમારા પોતાના વિચાર, પુરૂષાર્થ, અને ઉદ્યોગ ઉપર આધાર રાખે છે.

૨૧. માન અથવા આ લોક કે પરલોકના સુખની ઇચ્છા રાખ્યા શિવાય જેટલું સત્કાર્ય થાય તેટલું કરો. અમે શું કરીએ ? એવા નિર્માલ્ય વિચારો કાઢી નાખી પ્રમાદમાં જીવન ન ગુજારો.

૨૨. જો તમે ગૃહસ્થ ધર્મ અથવા સાધુ ધર્મના માર્ગમાં દ્રવ્ય અને ભાવથી શક્તિ મુજબ પ્રયાણ કરશો તો જરૂર મુક્તિ પુરીએ પોહોંચ્યા શિવાય રહેશો નહીં.

૨૩. દશ પ્રકારના ધર્મ.

૧. શમ પાળવો એટલે મનને કાબુમાં રાખવું અને જુદા જુદા વિચારોમાં અને વિષયોમાં તેને રખડવા ન દેવું.

૨. દમ ગુણ સેવવો, એટલે દરેક પ્રસંગે ઇંદ્રિયોપર સંપૂર્ણ કાબુ રાખવો.

૩. દરેક પ્રસંગે સત્ય બોલવું.

૪ લોકોએ આપણા તરફ કરેલા અપરાધ વાસ્તે હૃદયથી ક્ષમા આપવી.

૫. દાનમાં યથા શક્તિ દરરોજ કાંઈક ધન આપવું.

૬. દયાનું કાંઇ પણ સારૂં કામ કોઈના પર કરવું.

૭. પ્રભુ પૂજન, ગુરૂભક્તિ અને વડિલોનો વિનય કરવો.

૮. મન વચન કાયાથી શુદ્ધતા પાળવી.

૯. જ્ઞાન મેળવવામાં પ્રતિદિન થોડો પણ સમય પસાર કરવો.

૧૦. જગતના તમામ જીવોનુ કલ્યાણ થાઓ. એવી શુભ ભાવના દરરોજ ઓછામાં ઓછીપાંચમીનીટ ભાવવી.

સુખી જીવન કેમ બને ?

મનુષ્ય માત્ર સુખી થવા ઇચ્છા રાખે છે, પણ સુખી થવાને માટે જેવું જીવન જીવવું જોઇએ તેવું જીવી જાણતા નથી. માટે સુખી નથી, અને બીજાને સુખી બનાવી જાણતા નથી. સુખી જીવન બનાવવા માટે છ સિદ્ધાંતોની જરૂર છે.

૧. ફરજ—પરમાત્મા તરફની શી ફરજો છે. પોતાના આત્મા તરફની, પોતાના શરીર તરફની પોતાના માત પિતા તરફની, પોતાની સ્ત્રી તરફની, પુત્ર પુત્રી તરફની સમાજ તરફની, ગામ તથા દેશ તરફની શીશી ફરજો છે. તે વિચારવી, જાણવી, ને તે પ્રમાણે તેની તેની તરફની ફરજ કોઇ પણ જાતની આશા રાખ્યા શિવાય બજાવવી,

૨. **પ્રમાણિકપણું**—એ બીજો સિદ્ધાંત છે. કોઈપણ જાતનો દંભ કરી વ્યવહારમાં કે પરમાર્થમાં બીજા કોઈને છેતરવું નહિ. સત્ય નિષ્ટા એટલે જે બોલો છો તેજ તમારો આશય અને જે તમારો આશય છે. તેજ તમે બોલો એ પ્રમાણિકપણાની નિશાની છે. છુપી યુક્તિ પ્રયુક્તિ જુઠાણું અને આંજી દેનાર શબ્દોનો તેમાં ત્યાગ છે.

૩. **કરકસર**—ધનની કરકસર તો એક વિભાગ છે. કરકસરમાં શારીરિક, માનસિક શક્તિઓની સાચવણી પણ આવી જાય છે. કરકસરના સિદ્ધાંતને અનુસરનારમાં બલ, સહન શીલતા, ચકોરતા, અને પ્રાપ્ત કરવાની શકિત સહેજે આવી જાય છે. જે કરકસરનો સિદ્ધાંત શીખી તે પ્રમાણે વર્તન કરે છે, તે શરીરની, મનની, ધનની, મહાન શક્તિ મેળવે છે. કરકસર એ બીજો ભાઇ છે. તેને લોકો ત્રેવડ નામે પીછાને છે. કરકસર કરનારને પોતાના બળની પુરી પીછાણ રહે છે, અગર રાખવી પડે છે, અને તે બળની પુરી પીછાણ હોવાથી પોતાની શકિત કરતાં કાયમ ઓછો ખરચ કરે છે. અને તેને લઇને મુંઝવણમાં કદી તેને આવવું પડતું નથી. કરકસરમાં મહાન બળ છે. તે તેને પ્રાપ્ત થાય છે.

૪. **ઉદારતા**—કરકસર કરી જાણે ને જે શકિત બચાવે તેનીજ ઉદારતા કરે તેજ સાચી ઉદારતા છે, જે માણસે કરકસર કરી જાણી નથી તે ઉદાર બની શકતો નથી, પણ ઉડાઉ બની શકે છે. લોકમાં સારો કહેવાવા ખાતર કુલણજી તથા ઉડાઉ માણસ પૈસાનો શરીર શકિતનો

અને મનની શક્તિનો વ્યય, ખાન પાનમાં, મોજ શોખમાં અને પશુવૃતિ વીગેરેમાં અનેક રીતે એટલો બધો કરી નાંખે છે કે તેને ટુંક સમયમાં વિમાસણમાં આવવું પડે છે. પૈસાનું દાન એ ઉદારતાનુ એક નાનું અંગ માત્ર છે, ખરેખરૂં દાન તો નાત જાતના ભેદ વગર નિરાધાર (ધર્મ, અર્થ, કામ સાધવામાં અશક્ત) અને અજ્ઞાની મનુષ્યોને તન મન ધનની સેવા આપી તેમને પગભર બનાવવા, નિંદા કરનાર તથા વિરોધીઓ તરફ પણ ક્ષમા વૃતિ રાખવી તે પણ ઉદારતાની નિશાનીઓ છે.

૫. **આત્મ સયંમ**—પાંચ ઇંદ્રિય અને મન ઉપર પોતાના આત્માનો કાબુ રાખવો, એટલે પાંચ ઇંદ્રિય અને મનને મરણ તોલ અશક્ત બનાવવું એમ નહીં પણ જેમ મજબુત અરબી અથવા કાઠીઆવાડી ઘોડાને મજબુત અને તોફાની હોવા છતાં કેળવી લગામ નાંખી ધારેલ રસ્તે ચલાવી શકીએ છીએ, તેમ આત્મા ધારે ત્યારે પાંચ ઇંદ્રિયને અને મનને બળવાન અને મજબુત હોવા છતાં કાબુમાં રાખી શકે તેનું નામ આત્મ સંયમ-પાંચ ઇંદ્રિયને જીવતી જાગતી રાખીને મનને નિડર રાખી જરૂર પડતાં જેમ સુકાન ફેરવી મારગ બદલાય છે, તેમ જ્ઞાનથી સમજાતા આત્માના હુકમ પ્રમાણે ઇંદ્રિય અને મન કામ કરે તેનું નામજ આત્મ સંયમ—

૬. **ધર્મ સહિષ્ણુતા**—પોતે જે ધર્મ પાળતો હોય તેની શુદ્ધિ બતાવવાને માટે પોતાનું ચારિત્ર (વર્તન) ઉંચ્ચ બનાવવું અને ઉંચ્ચ ચારિત્ર શીળને લઇ પોતાના ધર્મની

સુંદરતા બતાવવી, વળી બીજાના ધર્મના સિદ્ધાંતો શાંતિથી સાંભળશે, સાંભળતાં ઉકલાટ લાવશે નહી, તેમજ બીજાના ધર્મની નિંદા કરશે નહી. એવી સહિષ્ણુતાથી પોતાનું જીવન જીવવું તેનું નામ ધર્મ સહિષ્ણુતા (ધર્મ એટલે આત્માનું હિત જે જે ક્રિયાથી થાય તેજ ધર્મ. એવી વિશાળ વ્યાખ્યાએ પહોંચે તે દિવસે તો કોઈ મનુષ્ય સાથે અથડામણી થવાનીજ નથી. પણ તેટલી સમજણની હદે જ્યાં સુધી આત્મા ન પહોંચે ત્યાં સુધીને માટે પણ અવસ્ય બીજાના મનાએલા પંથ, ધર્મની પણ સહિષ્ણુતા તો કેળવવી એવો આ ધર્મ સહિષ્ણુતાનો અર્થ છે.

જે ભાઈ બ્હેનને આ સિદ્ધાંતોની ખબર કીંમત નથી તેમજ તે સિદ્ધાંતોની જરૂર નથી તેવા ભાઈ બ્હેનને મારે કશું કહેવાપણું રહેતુંજ નથી. ફક્ત તેટલું જણાવીશ કે તે પોતે સ્વતંત્ર છે. જેમ યોગ્ય લાગે તેમ વરતે અને વાવેતર પ્રમાણે સુખેથી લણે કિંબહુના ?

શ્રી રત્નાકર પચીસી.

[હરિગીત છંદ.]

મંદિર છો મુક્તિ તણા, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઈંદ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું, ભંડાર જ્ઞાન કળા તણા. ૧

ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરૂણા તણા,
વળી વૈદ્ય હે દૂર્વાર આ, સંસારના દૂખો ઘણા;
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી અને આ, હૃદય હું ખાલી કરૂં. ૨
શું બાળકો માબાપ પાસે, બાળ ક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવ્યું, તેમ શું નવ ઉચ્ચરે,
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩
મેં દાન તો દીધું નહિ, ને શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઇ પણ પ્રભુ નવ કર્યું,
મ્હારૂં ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું, નિષ્ફળ ગયું. ૪
હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?;
મન મારૂં માયા જાળમાં, મોહન! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. ૫
મેં પરભવે કે આ ભવે પણ, હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જીનજી, ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬
અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે, ! શું કરૂં હું તો વિભુ? ;
પત્થર થકી પણ કઠણ મારૂં, મન ખરે ક્યાંથી દ્રવે ?,
મર્કટસમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે. ૭

ભમતા મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણ રૂપી, રત્નત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પરમાદના, વશથી પ્રભુ કહું છું ખરૂં,
કોની કને કિરતાર આ, પોકાર હું જઇને કરૂં ?. ૮
ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મનો ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા,
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?
સાધુ થઇને બ્હારથી, દાંભિક અંદરથી રહું. ૯
મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઇને,
ને નેત્રને નિંદિત કર્યા, પરનારીમાં લપટાઇને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારૂં પરતણું,
હે નાથ ! મ્હારૂં શું થશે ?, ચાલાક થઇ ચુકયો ઘણું. ૧૦
કરે કાળજાને કતલ પીડા, કામની બીહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧
નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાકયો વડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી, કર્મો નકામાં આચર્યા,
મતિ ભ્રમ થકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨
આવેલ દ્રષ્ટિ માર્ગમાં, મૂકી મહાવીર આપને,
મેં મૂઢધિએ હૃદયમાં, ધ્યાયા મદનના ચાપને;
નેત્ર બાણો ને પયોધર, નાભીને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણાં, છટકેલ થઇ જોયાં અતી. ૧૩

મૃગનયણી સમ નારી તણાં, મુખ ચંદ્ર નિરખવા થકી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગાઢો અતી;
તે શ્રુત રૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી ? ૧૪
સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળા તણો, દેદિપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તોપણ પ્રભુ, અભિમાનથી અક્કડ ફરૂં,
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યા કરૂં. ૧૫
આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપ બુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરૂં યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાના ઘર ચણું. ૧૬
આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઇ કુવે પડયો, ધિક્કાર છે મુજને ખરે. ૧૭
મેં ચિત્તથી નહિ દેવની કે, પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો, ધર્મ પણ પાળ્યો નહિ;
પામ્યો પ્રભુ નરભવ છતાં, રણમાં રડયા જેવું થયું,
ધોબી તણા કુત્તા સમું, મમ જીવન સહુ એળે ગયું. ૧૮
હું કામધેનું કલ્પતરૂ, ચિંતામણીના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર ત્હારો, ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ કર કરૂણા કંઇ. ૧૯

મેં ભોગ સારા ચિંતવ્યા પણ, રોગસમ ચિંત્યા નહિ,
આગમન ઇચ્છયું ધન તણું, પણ મૃત્યુને પ્રીછયું નહિ;
નહિ ચિંતવ્યું મેં નરક, કારાગ્રહ સમી છે નારીઓ,
મધુ બીંદુની આશા મહીં, ભય માત્ર હું ભૂલી ગયો. ૨૦
હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થનાં ઉદ્ધાર આદિ, કોઇ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ ચોરાશી, તણાં ફેરા ફર્યા. ૨૧
ગુરૂ વાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જનતણાં વાકયો મહીં, શાંતિ મળે કયાંથી મને;
તરૂં કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
ફુટેલ તળીઆનો ઘડો, જળથી ભરાયે કયેમ કરી ? ૨૨
મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, કયાંથી થશે હે નાથજી ?;
ભૂત ભાવી ને સાંપ્રત ત્રણે ભવ, નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. ૨૩
અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું,
હે દેવતાના પુજ્ય ! આ ચારીત્ર મુજ પોતાતણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો માહરૂં શું માત્ર આ ?,
જયાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં, પાઇની તો વાત કયાં ? ૨૪

શાર્દુલ વિક્રિડીત.

મ્હારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ,
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ;

મુક્તિ મંગલ સ્થાન તોય મુંજને ઇચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્ રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫

ભાવ સામાયિક સ્વરૂપ.

[હરિગિત છંદ]

સૌ પ્રાણી આ સંસારના, સન્મિત્ર મુજ વ્હાલા થજો,
સદ્ગુણમાં આનંદ માનું, મિત્ર કે વૈરી હજો;
દુઃખીઆ પ્રતિ કરૂણા અને, દુશમન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા. ૧
અતિ જ્ઞાનવંત અનંત શક્તિ, દોષહીન આ આત્મ છે,
એ મ્યાનથી તલવાર પેઠે, શરીરથી વિભિન્ન છે;
હું શરીરથી જુદો ગણું, એ જ્ઞાનબળ મુજને મળો,
ને ભીષણ જે અજ્ઞાન મારૂં, નાથ ! તે સત્વર ટળો. ૨
સુખદુઃખમાં, અરિમિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખ ભોગમાં;
મમ સર્વકાળે સર્વ જીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરૂણાનિધિ. ૩
તુજ ચરણ કમળનો દીવડો રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારનો, આવાસ તુરત બાળજો,
તદ્રૂપ થઇ તે દીવડે, હું સ્થિર થઇ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગમની રજમહિં, હું પ્રેમથી નિત્ય ડુબતો. ૪

પ્રમાદથી પ્રયાણુ કરીને, વિચરતા પ્રભુ અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને, હણુતાં કદી ડરતો નહિ;
છેદી વિભેદી દુ:ખ દઇ, મેં ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મહિંસક, નાથ વિનવું આપને. ૫
કષાયને પરવશ થઇ બહુ, વિષયસુખ મેં ભોગવ્યા,
ચારિત્રના જે ભંગ વિભુ, મુક્તિ પ્રતિકુળ થઇ ગયા;
કુબુદ્ધિથી અનિષ્ટ ચિંતિત, આચરણુ મેં આદર્યું,
કરજો ક્ષમા સૌ પાપ તે, મુજ રંકનું જે જે થયું. ૬
મન વચન કાય કષાયથી, કીધાં પ્રભુ મેં પાપ બહુ,
સંસારનાં દુ:ખ બીજ સૌ, વાવ્યાં અરે હું શું કહું ?
તે પાપને આલોચના, નિંદા અને ધિક્કારથી;
હું ભસ્મ કરતો મંત્રથી, જેમ વિષ જાતું વાદીથી. ૭
મુજ બુદ્ધિના વિકારથી, કે સંયમના અભાવથી,
બહુ દુષ્ટ દુરાચાર મેં, સેવ્યા પ્રભુ કુબુદ્ધિથી;
કરવું હતું તે ના કર્યું, પ્રમાદ કેરા જોરથી,
સૌ દોષ મુક્તિ પામવા, માંગુ ક્ષમા હું હૃદયથી. ૮
મુજ મલીન મન જો થાયતો, તે દોષ અતિક્રમ જાણુતો,
વળી સદાચારે ભંગ બનતાં, દોષ વ્યતિક્રમ માનતો;
તે અતીચારી સમજવો, જે વિષયસુખમાં મ્હાલતો;
અતિ વિષયસુખ આસક્તને, હું અનાચારી ધારતો. ૯
મુજ વચન વાણી ઉચ્ચારમાં, તલભાર વિનિમય થાય તો,
જો અર્થ માત્રા પદ મહીં, લવલેશ વધઘટ હોયતો;
યથાર્થ વાણીભંગનો, દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળ બોધનો. ૧૦

પ્રભુવાણી ! તું મંગલમયી, મુજ શારદા હું સમજતો,
વળી ઇષ્ટ વસ્તુ દાનમાં, ચિંતામણી હું ધારતો;
સુબોધને પરિણામશુદ્ધિ, સંયમને વરસાવતી,
તું સ્વર્ગનાં દિવ્ય ગીત સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી. ૧૧
સ્મરણ કરે યોગી જનો, જેનું ઘણા સન્માનથી,
વળી ઇંદ્ર નર ને દેવ પણ, સ્તુતિ કરે જેની અતિ;
એ વેદ ને પુરાણ જેના, ગાય ગીતો હર્ષમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૨
જેનું સ્વરૂપ સમજાય છે, સદ્જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી;
પરમાત્માની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં ૧૩
જે કઠીન કષ્ટો કાપતા, ક્ષણવારમાં સંસારનાં,
નિહાળતા જ સૃષ્ટિને જેમ, બોરને નિજ હસ્તમાં;
યોગી જનોને ભાસતા, જે સમજતા સૌ વાતમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૪
જન્મો મરણના દુઃખને, નહિ જાણતા કદી જે પ્રભુ,
જે મોક્ષપથ દાતાર છે, ત્રિલોકને જોતા વિભુ;
કલંકહિન દિવ્ય રૂપ જે, રહેતું નહિ પણ ચંદ્રમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૫
આ વિશ્વના સૌ પ્રાણી પર, શુદ્ધ પ્રેમ નિસ્પૃહ રાખતા,
નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા;
વિશુદ્ધ ઇંદ્રિય શુદ્ધ જેવા, જ્ઞાનમય છે રૂપમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૬

ત્રિલોકમાં વ્યાપી રહ્યાં છે, સિદ્ધ ને વિબુદ્ધ જે,
નહિ કર્મ કેરા બંધ જેને, ધુર્ત સમ ધુતી શકે;
વિકાર સૌ સળગી જતા, મન મસ્ત થાતાં ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હ્રદયમાં. ૧૭
તિમિર કેરો સ્પર્શ તલભર, થાય નહિ જ્યમ સૂર્યને,
તેમ દુષ્કંલકો કર્મના, અડકી શકે નહિ આપને;
જે એક ને બહુરૂપ થઈ, વ્યાપિ બધે વિરાજતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૮
રવિ તેજ વિણ પ્રકાશ જે, ત્રણ ભુવનને અજવાળતો,
તે જ્ઞાનદીપ પ્રકાશ તારા, આત્મમાં શું દીપતો;
જે દેવ મંગળ બોધ મીઠા, મનુજને નિત્ય આપતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૯
જો થાય દર્શન સિદ્ધનાં, તો વિશ્વદર્શન થાય છે,
જેમ સૂર્યના દીવા થકી, સૌ સ્પષ્ટતા દેખાય છે;
અનંત અનાદિ દેવ જે, અજ્ઞાનતિમિર ટાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચુ શરણ હું માગતો. ૨૦
જેણે હણ્યા નિજ બળવડે, મન્મથ અને વળી માનને,
જેણે હણ્યા આ લોકના, ભય શોક ચિંતા મોહને;
વિષાદ નિદ્રા દુઃખને, જ્યમ અગ્નિ વૃક્ષો બાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૧
હું માગતો નહિ કોઇ આસન, દર્ભ પત્થર કાષ્ટનું,
મુજ આત્મના નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું;
આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણ જો,
અમૂલ્ય આસન થાય છે, શુભ સાધવા સમાધિ તો. ૨૨

મેળા બધા મુજ સંઘના, ને લોકપૂજા કામની,
જગબાહ્યની નહિ એક વસ્તુ, કામની મુજ ધ્યાનની;
સંસારની સૌ વાસનાને, છોડ વ્હાલા વેગથી,
અધ્યાત્મમાં આનંદ લેવા, યોગ્ય બળ લે હોંશથી. ૨૩
આ જગતની કો વસ્તુમાં, તો સ્વાર્થ છે નહિં મુજ જરી,
વળી જગતની પણ વસ્તુઓનો, સ્વાર્થ મુજમાં છે નહિં;
આ તત્ત્વને સમજી ભલા, તું બાહ્યનો મોહ છોડજે,
શુભ મોક્ષનાં ફળ ચાખવા, નિજ આત્મમાં તું સ્થિર થજે. ૨૪
જ્ઞાનમય વિશુદ્ધ આત્મ, સ્વ આત્મથી જોવાય છે,
શુભ યોગમાં સાધુ સકળને, આ અનુભવ થાય છે;
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
અખંડ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં. ૨૫
આ આત્મ મારો એક ને, શાશ્વત નિરંતર રૂપ છે,
વિશુદ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે;
વિશ્વની સહુ વસ્તુનો, નિજ કર્મ ઉદ્ભવ થાય છે,
નિજ કર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે. ૨૬
જે આત્મ જોડે એકતા, આવી નહીં આ દેહની,
તે એકતા શું આવશે, સ્ત્રી પુત્ર મિત્રો સાથની ?
જો થાય જુદી ચામડી, આ શરીરથી ઉતારતાં,
તો રોમ સુંદર દેહપર, પામે પછી શું સ્થિરતા ? ૨૭
આ વિશ્વના કો વસ્તુમાં, જો સ્નેહ બંધન થાય છે.
તો જન્મ મરણના ચક્રમાં, ચેતન વધુ ચગદાય છે;
મુજ મન, વચન ને કાયનો, સંયોગ પરમાં છોડવો,
શુભ મોક્ષના અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો. ૨૮

સંસારરૂપી સાગરે, જે અવનતિમાં લઇ જતી,
તે વાસનાની જાળ પ્યારા, તોડ સંયમ જોરથી;
વળી બાહ્યથી છે આત્મ જુદો, ભેદ મોટો જાણવો,
તલ્લીન થઇ ભગવાનમાં, ભવપંથ વિકટ કાપવો. ૨૯
કર્મો કર્યાં જે આપણે, ભુતકાળમાં જન્મો લઇ,
તે કર્મનું ફળ ભોગવ્યા વિણુ, માર્ગ એકે છે નહિ;
પરન્તુ કરેલું કર્મ જો, પરિણામ આપે મુજને,
તો મુજ કરેલા કર્મનો સંમજાય નહિ કંઇ અર્થને. ૩૦
સંસારના સૌ પ્રાણીઓ, ફળ ભોગવે નિજ કર્મનું,
નિજ કર્મના પરિપાકનો, ભોક્તા નહિ કો આપણું;
લઇ શકે છે અન્ય તેને, છોડ તું ભ્રમણા બુરી,
પ્રભુ ધ્યાનમાં નિમગ્ન થા, તુજ આત્મનો આશ્રય કરી. ૩૧
શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના
હૃદયથી આ દાસ તારો, ગુણ ગાય તુજ સામર્થ્યના;
પ્રકટતા જો ગુણ બધા, મુજ આત્મમાં સદ્ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી, પ્રભુ વાર ક્યાંથી લાગતી ? ૩૨

દોહરો.

બત્રીસ ચરણનું આ બન્યું, મંગળ સુંદર કાવ્ય;
અનુભવતાં એક ધ્યાનથી, મોક્ષગતિ જીવ જાય. ૩૩

સંસ્કૃતના પ્રયોજક—**અમિતગતિ આચાર્યશ્રી.**
ગુજરાતીના અનુવાદક-**સુખરાજ જીવરાજ શાહ.** બી. એ

મહિના.

[એ મહિને નવ જઇએ પિયુ પરદેશમાં—એ રાગ.]

કારતક મહિને પાંચમ આવે જ્ઞાનની,
જ્ઞાન તણું આરાધન તેમાં થાય જો;
ચોમાશી પુનમનો પૌષધ આવશે,
સિદ્ધિપદને તેથી તરત પમાય જો.
એ મહિને જિન ભક્તિ કરજો ભાવથી.—એ આંકણી ૧

માગશર મહિને આવી મૌન એકાદશી,
તે તપકરતાં ભવથી તરત તરાય જો;
કલ્યાણુક જિનવરના તેમાં આવતા,
જેથી ભવના પાપો પ્રક્ષય કરાય જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૨

પોષે પુરણુ પ્રેમ ધરો જિનરાજમાં,
શીત પરીષહ સહતા મુનિવર આપ જો;
ગુરૂ વૈયાવચ કરજો કંબલ દાનથી,
ધરજો હ્રદયે ધર્મતણી શુભ છાપ જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૩

મહા માસે મન નિર્મલ રાખે નેહથી,
મલિન ભાવના જેથી નાશે દૂર જો;

સત્ય શીયલનું સેવન સખી કરવું સદા,
જેથી વાધે નિજ ચેતનનું નૂર જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૪

ફાગણમાં ફુલ શોભા કરજો ચૈત્યમાં,
પર્વ હોલિકા તણો સમજજો સાર જો;
ડરજો ત્યાં મિથ્યાત્વ થકી ભય ધારીને,
કરજો મ્હેનો કર્મ તણો પરિ હાર જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૫

ચેતરમાં આંબેલ કરી મન રાચજો,
ઓળીઓ આચરજો સુકૃત સાર જો;
ભવસાગર તરવાનાં સાધન સંચજો,
ધરજો સર્વ રાસ કથામાં પ્યાર જો.
એ મહિને જિન ભકિત કરીએ ભાવથી. ૬

વશાખે અક્ષય તૃતીયા આરાધજો,
અક્ષયદાન કરી પરિહરજો પાપ જો;
આદીશ્વર આરાધન કરજો રંગથી,
ભંગ ન કરજો જિન ભક્તિનો આપ જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૭

જેઠે કલ્યાણક આવે શુભ રંગનું,
વણારસીમાં જન્મ્યા પારસનાથ જો;
તિર્થ બન્યું અતિ ઉત્તમ એ જિનરાજનું,
ગજપુર પ્રગટ્યા જિનવર શાંતિનાથ જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૮

માસ અષાડે ધર્મ વધે નવરંગથી,
ચાતુર્માસ્યતણું આવે શુભ પર્વ જો;
ધર્મતણાં પરિણામ ચડે ચોપાસથી,
શ્રવણ કરે મુનિધર્મ વચનને સર્વ જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૯

આરાધો શ્રાવણને નિર્મળ પ્રેમથી,
જ્યાં પર્યુષણ પર્વતણો મહિમાય જો;
ધર્મારાધન કરવાનો એ માસ છે,
ધર્મતણી સદ્બુદ્ધિ તેમાં થાય જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૧૦

ભાવ ધરો ભાદરવે ભવિકા સ્નેહથી,
જ્યાં પર્યુષણ પર્વ તણો મહિમાય જો;
મિથ્યા દુષ્કૃત આપી સર્વ ખમાવજો,
પ્રતિક્રમણ જ્યાં સંવત્સરીનુ થાય જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૧૧

આસોમાં ઉત્તમતા રાખી અંગમાં,
પર્વ દીવાળી સમજી કરજો શ્રેય જો;
પૂરા દ્વાદશ માસ થાય શુભ પર્વના,
ધરજો હ્રદયે નિર્મળ જિન પદ ધ્યેય જો.
એ મહિને જિન ભક્તિ કરીએ ભાવથી. ૧૨

શ્રી વીતરાગાય નમઃ

અશાતા વેદનીયમાં શાંતિ મેળવવાની ભાવના

" આ ભાવનાઓ રોગીએ વારંવાર વાંચવી અથવા સાંભળવી ને કંઠસ્થ કરી ચિંત્વન કરવી જેથી બહુ શાંતિ મળશે. "

૧. મારો આત્મા અરોગી, અશોગી, અભોગી, અજર, અમર, અક્ષય, અવિનાશી, અખંડ, શુદ્ધ બુદ્ધ, અનંત, જ્ઞાન દર્શન, સુખ શક્તિ સ્વરૂપ છે.

૨. આ રોગ મારાજ કરેલા પાપોને સ્મરણ કરવા મને શિક્ષા આપે છે કે હવે હિંસા, અસત્ય, અપ્રમાણિકતા, વિષયેચ્છા, ધનતૃષ્ણા, ક્રોધ, ગર્વ, કપટ, લોભ, રાગ, દ્વેષ, અજ્ઞાન મિથ્યાત્વ, વિગેરે પાપ તું કરીશ નહિ.

૩. જીવ પાપ કરે છે ત્યારે ડરતો નથી પણ તેનું ફળ દુઃખ મળે છે ત્યારે પશ્ચાત્તાપ કરે છે. મેં નિશ્ચે આ અશાતા વેદનીઅનાં કર્મ બાંધ્યાં છે, એથીજ આ રોગ મને દુઃખ આપે છે.

૪. હવે જો આ રોગ અવસ્થામાં શોક, ચિંતા, ભય કરીશ અને પાપમય દવા કરીશ તો ફરી અશાતાવેદની નવી બંધાઈ વધારે દુઃખ ભોગવવું પડશે.

૫. મારા જીવે આજેજ પાપનું ફળ રોગ મેળવ્યું નથી પણ અનાદિ કાળ થયાં અનંતવાર મેં રોગ, દુઃખ, ભય, ચિંતા, શોક આદિ દુઃખો ભોગવેલ છે અને તે બધી અવસ્થામાં દુઃખથી બચવા પાપયુક્ત ઉપાય કરી નવાં અનેક ગુણાં અશુભ કર્મ બાંધ્યાં છે જેથી કરી દુઃખથી છુટકારો ન થયો, પણ અનંતગુણાં વધુ દુઃખો મળ્યાં છે. હવે હું આ વખતે જો આ વેદની સમભાવે સહન કરી ધર્મ ધ્યાનમાં વિચારીશ અને પાપમય ઉપાય નહી લઉં તો અવશ્ય દુઃખ નાશ થશે અને પરમ શાંતિ મળશે.

૬. સર્વજ્ઞ પ્રભુ કહે છે કે જીવ પોતેજ હિંસા, વિષય, કષાય, આદિ પાપ કરવાથી પોતાને અનંત દુઃખ આપનાર પોતાનો શત્રુ થાય છે, અને અહિંસા, વિષય, સંયમ તથા કષાય ત્યાગથી પોતાને પરમ સુખી કરનાર પોતાનો મિત્ર થાય છે. હું હવે પાપ કરી કદી મારા આત્માનો શત્રુ નહી થાઉં, પણ ધર્મ કરી હમેશ મારા આત્માનો સાચો મિત્ર થઈશ.

૭ છકાય જીવની હિંસાથી અશાતા વેદની (દુઃખ) મળે છે અને હિંસા, અસત્ય, વિષય, ક્રોધાદિ ૧૮ પાપના સેવનથી અસહ્ય દુઃખ કકંષકારી વેદની ભોગવવી પડે છે. મેં આજ સુધી છકાયના જીવોને દુઃખ આપ્યું તથા હિંસા, વિષય આદિ ૧૮ પાપ સેવ્યાં તે માટે અંતઃકરણથી પશ્ચાત્તાપ કરૂં છું, તે પાપ પ્રવૃત્તિને ધિક્કારૂં છું અને હવેથી સદા માટે તેવા બધા પાપ છોડું એવી સદ્બુદ્ધિ રહો એમ ઇચ્છું છું.

૮. હિંસા, અસત્ય, વિષય, ક્રોધાદિ ૧૮ પાપ છોડી થયેલ ભૂલ સુધારૂં છું અને ભવિષ્યમાં તેવી ભૂલ કદી ન થાઓ એમ અંત:કરણથી ચાહું છું.

૯. વેદની શરીરને જીર્ણ કરી દુ:ખી કરે છે અને મેં શરીરને મારૂં માન્યું છે તે મોહને લીધે તથા પૂર્વે શરીરમોહથી એવાં કર્મ બાંધ્યાં છે કે શરીરના દુ:ખોથી મારે દુ:ખી થવું પડે છે. છતાં જો જ્ઞાન દૃષ્ટિથી વિચારૂં છું તો રોગથી શરીરને હાની થાય છે. આત્મા તો અરૂપી, અક્ષય, અજર, અમર છે.

જેમ કોઇ ઘરમાં અગ્નિ લાગે તો તે ઘર બળે પણ તેમાં રહેલ **આકાશ** બળતો નથી તેમ રોગ શરીરને પીડી શકે છે. આત્મા તો અરૂપી અજર અમર છે માટે હું ધૈર્યથી આ રોગ સહન કરીશ.

દોહો

રોગ પીડતો દેહને, નહિં જીવને ખાસ.
ઘર બળે અગ્નિ થકી, નહિં ઘરનો આકાશ. (૧)

૧૦. કર્મ વેદની કોઇને છોડતી નથી.

(૧) ભગવાન મહાવીર પ્રભુને કાનમાં ખીલા નંખાણા, પગમાં ખીર રંધાણી, અનાર્ય લોકોએ કુતરા કરડાવ્યા અને મિથ્યાત્વી દેવોએ સિંહ, વાઘ, સર્પના રુપ ધરી શરીરને બચકાં ભર્યાં, પરંતુ તે પ્રભુ તેને પોતાનાજ કર્મનું ફળ વિચારી, આત્માને અજર અમર વિચારી સમભાવે શાંન્ત રહ્યા. કોઇ પર ક્રોધ

ન કર્યા, તેમ પાપમય ઉપાયથી દુઃખ દુર ન કર્યું. તો અંતે બધા દુઃખોનો નાશ કરી મોક્ષે પધાર્યા.

તેમ હું પણ જો આ વખતે ચિંતા, ભય, દુઃખ છોડી સમભાવ રાખું ને સર્વ પાપોનો ત્યાગ કરૂં તો મારા પણ સર્વ દુઃખો નાશ થશે.

(૨) ગજસુકુમાર મુનિના તરતના લોચ કરેલ કોમળ માથા ઉપર અંગારા મુકાણા.

(૩) સ્કંદક મુનિના આખા શરીરની ચામડી ઉતારી સ્કંદક મુનિના ૪૯૯ શિષ્યોને ઘાણીમાં પીલ્યા. સુકોશલ મુનિને સિંહણે ભક્ષણ કર્યું. એમ અનેક મહા પુરૂષો, ઘોર વેદનીમાં પણ શાંત રહ્યા ને શાંત રસ ધરી કોઈ ઉપર ક્રોધ ન કરતાં સમભાવે દુઃખ સહન કરવાથી અનંત અક્ષય સુખ પામ્યા છે અને દુઃખ દેનારને પૂર્વના કરેલ પાપ કર્મને દુર કરનાર પરમ ઉપકારી માનેલ છે તો હું પણ આ રોગ દુઃખને મારા જુના કર્મ નાશ કરનાર ઉપકારી ગણી સમભાવ ધરૂં છું. અને હવે આવા પાપ નહિ કરૂં એવો દૃઢ નિશ્ચય કરૂં છું.

શ્રી સિદ્ધેભ્યો નમઃ

आत्म शान्तिनी अपूर्व भावनाओ.

(૧) આત્માના અનંત ગુણ છે તેમાં મુખ્ય ગુણ ચાર છે. (૧) શુદ્ધ જ્ઞાન, (૨) શુદ્ધ દર્શન, (૩) શુદ્ધ સુખ (અતીં-

દ્રિય-નિરાકુળ-આત્મિક સુખ), (૪) શુદ્ધ શક્તિ (સ્વગુણમાં રમણ કર્ત્તા સ્વરુપ), આ ચાર ગુણો મલીન થવાથી ચાર દોષો પ્રગટ થાય છે. (૧) અશુદ્ધ જ્ઞાન, (૨) અશુદ્ધ દર્શન, (૩) અશુદ્ધ અનુભવ-વેદન (ઇંદ્રિયજન્ય સંયોગોમાં ઇષ્ટ અનિષ્ટ રુપવેદન અર્થાત સુખ, દુઃખ, હર્ષ, શોક) (૪) અશુદ્ધ શક્તિ (વિષય, કષાય, તથા સંસારી કામમાં ઉદ્યમ.)

(૨) આપણો જીવ અનાદિકાળથી ઘણો અશુદ્ધ હોઇ દુઃખી થઇ રહ્યો છે, અને ગુણ શુદ્ધ કરવાનો ઉપાય કરવો તેજ મોક્ષ માર્ગ છે.

(૩) ચારે ગુણોને શુદ્ધ કરવાનો સર્વોત્તમ ઉપાય ઉત્તમ ભાવના-ચિંત્વન, ધ્યાન છે કારણ કેઃ—

(૧) કર્મોનું બંધાવું પરિણામો પ્રમાણે થાય છે.

(૨) પરિણામ બગડે તો વગર પાપ કર્યે કુગતિમાં જીવ ચાલ્યો જાય છે તો પાપ કરવાવાળાનું શું કહેવું ?

(૩) સમકીતની પ્રાપ્તિ-અપૂર્વકરણ-અને અનિવૃત્તિકરણમાં થાય છે. તે પણ ભેદ ભાવના (પરદ્રવ્યથી જુદાપણું) અને સ્વચતુષ્ટય (આત્માના ચાર ગુણો) સાથે એકપણાનો વિચાર છે.

(૪) આઠમા ગુણ સ્થાનકથી અપૂર્વકરણ આવે છે અને શુદ્ધ ધ્યાનથી અંતરમુહૂર્તમાં કેવળ જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયને પ્રગટ કરે છે. આ પણ ભાવના છે.

(૫) મોક્ષ પ્રાપ્તિના ચાર ઉપાય—તે દાન, શીયળ, તપ અને ભાવના છે. તેમાં ભાવના ચૈતન્ય સમાન છે.

બાકી પહેલાં ત્રણ શરીરરુપ છે. ભાવનાથી બાકીના ત્રણ સફળ થાય છે.

(૬) તંદુલમચ્છ અશુભ ભાવનાથી સાતમી નારકીમાં જાય છે અને ભરત ચક્રવર્ત્તિ આદિએ શુદ્ધ ભાવનાથી કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

દોહા

મહા દુઃખનું બીજ છે, અશુભ રૂપ પરિણામ;
તેના ઉદયે અનંત દુઃખ, ભોગવે આતમારામ. (૧)

(૭) જેટલા જીવો મોક્ષમાં ગયા છે, જાય છે અને જશે તે સર્વે ઉત્તમ ભાવનાનું ફળ છે. આ ઉપરથી ભાવનાની અપૂર્વતા જાણી, રોગી, નિરોગી, ભોગી, ત્યાગી સુખી, દુખી આદિ સર્વ અવસ્થામાં ઉત્તમ ભાવનાનું ચિંત્વન કરવું પરમહિતકારી છે.

(૮) જે વખતે અશાતા વેદનીય કર્મનો ઉદય હોય છે ત્યારે ચિંત્વન કરવાની ભાવના:—

(ક) મેં અજ્ઞાનતાથી પાંચ ઇંદ્રિયોને વશ થઇ આહાર વિહારમાં વિવેક ન રાખ્યો અને રત્નત્રયમાં વિઘ્નરૂપ રોગ ઉત્પન્ન થયો તે પ્રમાદ તથા ભૂલ માટે મને ધિક્કાર છે. આ રોગ મારી ભૂલની શિક્ષા છે. તે માટે રોગ મારે સમભાવથી સહન કરવો ઉચિત છે, નહિતર રોગ વધશે.

ભાવના

રોગમાં ચિંતા અને દુઃખ ક્ષય થાઓ. સમતાભાવ જાગૃત રહો.

(ખ) રોગ આપોઆપ અથવા દવાથી મટે છે તે શાતા વેદનીય કર્મનો ઉદય છે અને વૃદ્ધિ પામે તો અશાતા વેદનીય કર્મનો ઉદય છે, તો પછી મારે બન્ને અવસ્થામાં સમભાવ રાખવો શ્રેષ્ઠ છે.

ભાવના

" શાતામાં હર્ષ અને અશાતામાં શોક ક્ષય થાઓ "

(ગ) સેવા, ચાકરી સારી કરનારા હોય તો શાતા વેદનીય કર્મનું ફળ છે અને સેવા કરનારા ન હોય અથવા અયોગ્ય હોય તે અશાતા વેદનીય કર્મનો ઉદય છે. તો બન્ને અવસ્થામાં સમભાવ જ નિર્જરાનું કારણ છે.

ભાવના

"અનુકૂળ પ્રતિકૂળ સંયોગોમાં સમભાવની પ્રાપ્તિ થાઓ"

(ઙ) ધર્મ શાસ્ત્રમાં ચાર સુખસેના કહી છે.

(૧) હું શરીર અને બાહ્ય બધા પદાર્થોથી જુદો છું. એવી ભાવના અનુભવપૂર્વક જાગૃત રાખો.

(૨) પોતાના પ્રાપ્ત સંયોગોમાં સંતોષવાને સ્વાવલંબી થાય, અંતે આત્માના ગુણોમાંજ લીન થાય, પરદ્રવ્યની ઇચ્છા માત્ર ન કરે.

(૩) વિષય ભોગનું સેવન મન વચન અને કાયાથી ન કરે, ન કરાવે, ન અનુમોદન આપે.

(૪) રોગ દુઃખ–ઉપસર્ગમાં સમતા-સમભાવ–ધૈર્ય રાખે, આકુલ વ્યાકુલ ન થાય.

આ વખતે રોગમાં ધૈર્ય રાખવાથીજ સુખ થાશે માટે મારે સમભાવે આ વેદના સહન કરવીજ.

ભાવના

" શ્રી મહાવીર પ્રભુ જેવી સહનશીલતા પ્રગટ થાઓ સમભાવથી પૂર્વ કર્મ ક્ષય થશે અને નવા નહિ બંધાય, માટે સમભાવ પ્રગટ થાઓ "

(**ચ**) દવા ન લેવી પરમ હિતકારી છે કારણ કે ઘણી દવાઓ એક રોગને શાન્ત કરીને બીજી અનેક વ્યાધિઓ પેદા કરે છે કેમકે દરેક પદાર્થમાં અનેક ગુણ છે. "ઔષધનો મોહ ક્ષય થાઓ" "શુભ ભાવના રુપી ઔષધ સદા પ્રાપ્ત થાઓ." દુઃખમાં ધૈર્ય રાખે તો સત્ય અખંડિત સુખ પ્રાપ્ત થાય.

ભાવના

"શ્રી મહાવીર પ્રભુ જેવી સહનશીલતા પ્રગટ થાઓ."

"સમભાવથી પૂર્વ નિર્જરા નવીન સંબંધ થશે સમભાવ ગુણ પ્રગટ થાઓ."

(**છ**) આત્મા અજર અમર અખંડિત છે. આવું આત્મસ્વરુપ વિચારતાં સર્વ દુઃખો. અશુભ કર્મ ક્ષણ માત્રમાં નાશ પામે છે.

ભાવના

" હું અરોગી, અજર, અમર, જ્ઞાનઘન સ્વરુપ છું "

વેદનાના વિચારથી વેદના વધે છે અને અરોગી પણાના વિચારથી રોગ સ્વયં નાશ થાય છે.. આવું બળ ભાવનામાં છે. આજે ભાવના મનોવિચારથી અનેક ડાકટરો રોગોને દૂર કરી શકે છે. તો સ્વયં રોગી અને ચાકરી કરનારાઓએ એક આવી ભાવના વારંવાર બોલવી જોઇએ.

ભાવના

" રોગ મટી ગયો છે અને પુર્ણ નિરોગતા થઇ છે "

ઉપરની ભાવનાઓ સામાન્ય સ્વરુપની છે.

હવે નિર્જરાની કહી છે.

(૧) આત્માને રોગ થતોજ નથી. રોગ શરીરને થાય છે. આત્માએ શરીરને મોહથી પોતાનું માન્યું છે. આત્માએ શરીરને મોહથી પોતાનું માની આત્મરમણુતા રુપ આત્મિક સુખ નષ્ટ કર્યું છે જેથી ઇંદ્રિયજન્ય સુખ દુ:ખ થાય છે.

ભાવના

શરીર મમત્વ ક્ષય થાઓ.

બાહ્ય સંયોગોમાં સુખ દુ:ખ બુદ્ધિ ક્ષય થાઓ.

અવિકારી આત્મિક સુખ પ્રગટ થાઓ.

સુખ દુ:ખ સ્વકૃત કર્મનું ફળ છે. આત્મા રાગ દ્વેષ કરવાથી સ્વઆત્માનો શત્રુ છે, અને ધર્મ "સમભાવ" કરવાથી મિત્ર છે. હવે ઉદય કર્મના ફળમાં જો સંકલ્પ વિકલ્પ "રાગ દ્વેષ" કરીશ તો પુનઃ નવીન કર્મ બંધાશે એટલા માટે સમભાવજ હિતકારી છે.

ભાવના

" કર્મોના કર્તારુપ રાગ દ્વેષ વિચાર અને ભોકતારુપ સુખ બુદ્ધિ ક્ષય થાઓ "

" સમભાવરુપ શાતાપણું પ્રગટ થાઓ "

જે કર્મ અસંખ્યાતા કાલમાં અજ્ઞાન કષ્ટથી ક્ષય થતાં નથી તે કર્મ શુદ્ધ ભાવનાથી અંતરમુહૂર્તમાં ક્ષય થઇ જાય છે. એટલા માટે રોગ દુ:ખ પરમ હિતકારી છે. કર્મોને નાશ કરવાનું સમભાવજ પ્રધાન શસ્ત્ર છે.

ભાવના

" કર્મ શત્રુઓને સમભાવ શસ્ત્રથી ક્ષય કરવાનું આત્મબળ પ્રગટ થાઓ "

(૨) **ભેદ જ્ઞાનીને** દિવ્યભોગ તથા તીવ્ર વેદનાની કંઈ અસર થતી નથી. ભરત ચક્રવર્તિ, ગજસુકુમાર મુનિ, સ્કંદકમુનિ, મેતારજમુનિ, સ્કંદકમુનિના પરમ સહનશીલ ૪૯૯ શીષ્યો, મહાવીર પ્રભુ આદિ, ઉત્તમ આત્મા ભેદ ભાવનાથી ઉજ્જવલ, તીવ્રતમ વેદના પણ સમભાવથી સહન કરી શકયા એવો પરમાનંદરુપ ભાવ શાન્તરસનો સમુદ્ર ભેદભાવના પ્રગટ થાઓ.

ભાવના

" હું જુદો છું અને શરીર જુદું છે "

" હું જ્ઞાન, દર્શન, સુખ, વીર્યમય અરુપી છું. શરીર જડ વર્ણ, ગંધ રસ સ્પર્શમય છે. હું અરુપી અરસ, અગંધ, અસ્પર્શ્ય છું "

શરીરના યોગથી આત્મપ્રદેશો બંધાયેલા છે. અને વેદનીય કર્મના ઉદયરુપ વિકારને લીધે સુખ દુઃખ થાય છે. સાચું જોતાં આત્મા પોતાના ગુણ વિકારને લીધે આ બધું ભોગવે છે. શરીરનો નાશ થાય છે, જેમ ઘડો ફુટવાથી અથવા મકાન બળવાથી, ઘડો અને મકાનનો નાશ થાય છે. પણ તેમાં રહેલો આકાશ નાશ પામતો નથી. તેવી રીતે આત્મા નિશ્ચય અરુપી, અજર, અમર, અછેદ્ય, અભેદ્ય, અવિનાશી, જ્ઞાનાદિ અનંત ગુણ સ્વરૂપ છે.

દોહો

દેહ પીડતો રોગને, નહી રામને ખાસ;
ઘર બળે અગ્નિ થકી, નહી ઘરનો આકાશ.

"હું અરુપી છું. શરીર રુપી છે. હું શરીરથી જુદો છું. હું જ્ઞાનઘન છું. શરીર જડ છે. આ આત્માના ગુણો જ્ઞાન, દર્શન,

સુખ, વીર્ય, અવ્યાબાધ, અરૂપી, અજર, અમર, અક્ષય, શુદ્ધ, બુદ્ધ, આદિ એક એક બોલતાં સાથે સાથે શરીરના ધર્મ જડ સ્વરૂપ વગેરે બોલવા આ ભેદ ભાવના પરમ કલ્યાણકારી છે. તેથી નિશ્ચયમાં અનંત કર્મ સ્વભાવથી ક્ષય થઇ જાય છે.

(૩) **અભેદ ભાવના:** હું સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવથી તથા જ્ઞાન દર્શન સુખ વીર્ય એ ચાર ગુણોથી અભિન્ન છું. એ ગુણો તાદાત્મ્ય સ્વરૂપ છે. આત્મભૂત છે જેમ અગ્નિ અને ઉષ્ણતા સૂર્ય અને પ્રકાશ અભિન્ન છે તેમ હું પણ નિજગુણોથી અભિન્ન છું. સૂર્ય સદા પ્રકાશપુંજ સ્વરૂપ હોય છે તો પણ વાદળ ઘટા તથા રાહુના નિમિત્તથી પ્રકાશ અદ્રશ્ય થાય છે, તેવી રીતે કર્મરૂપી વાદળથી મહા અનંત જ્ઞાન અનંત દર્શન સુખ વીર્ય ગુણો ઢંકાઇ ગયા છે. હવે હું તત્વને સમજીને પોતાના અભિન્ન ગુણોનું ધ્યાન, ચિંત્વન, મનન, રમણ કરૂં. "હું સિદ્ધ સમાન છું" "હું જ્ઞાન સ્વરૂપ છું"

(૪) રોગમાં સમભાવ રાખવા માટે અનિત્યાદિ વૈરાગ્યની બાર ભાવના તથા મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ, આ ચાર સમકિતની ભાવના ચિંત્વન કરવી જોઇએ. આ ભાવના દરેક સમયે સુખી દુઃખી રોગી નિરોગી હાલતમાં ચિંત્વન કરવાથી ગુણ શ્રેણી નિર્જરા થઇ અનંત કર્મોનો ક્ષય થાય છે.

(૧) અનિત્ય ભાવના: આ સુખ યા દુઃખ-નિત્ય છે નાશ માન છે. અવશ્ય આની સ્થિતી પૂરી થશે ને હું તે રહિત થઇશ. આ સમયે હર્ષ, શોક, હિંસાદિ પાપ (સાવદ્ય દોષ સહિત) કામ કરવાથી તથા આર્તધ્યાનથી નવાં કર્મ બંધાશે

અને નિત્ય ઘણા કાળ સુધી, દુઃખ ભોગવવું પડશે. હર્ષ શોક ક્ષય થાઓ આવા વખતે સમભાવ રાખવાથી નિત્ય, સત્ય, અક્ષય, નિરાકુલ, અવ્યાબાધ, આત્મિક સુખ મળશે. માટે સમભાવ ગુણ પ્રગટ થાઓ, એવી ભાવના ભાવવી જોઈએ.

(૨) અશરણ:–આ રોગી તથા નિરોગી અવસ્થાઓ મને શરણભૂત નથી. તેમાં આકુલ વ્યાકુલતા કરવી તે નિરર્થક છે. આ સર્વ દુઃખો ભોગવવાં પડશે અને આમાં જો સમભાવ રાખીશ તો શરણભૂત મોક્ષપદની પ્રાપ્તિ થશે.

(૩) સંસાર ભાવના:–ભોગ, સુખ. દુઃખ, હર્ષ, શોક, ચિંતા, ભય આદિ ચતુર્ગતિમાં પરિભ્રમણરુપ સંસારનુ કારણ છે. એટલા માટે મારે સમભાવ રાખવો પરમ કલ્યાણકારી છે.

" સમભાવ તે અસંસાર **મોક્ષનું** કારણ મને પ્રગટ થાઓ. "

(૪) એકત્વ ભાવના:–હું એક છું, શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાન દર્શન આત્મિક સુખપૂર્ણ છું, આત્મિક શક્તિથી અભિન્ન છું, પતિપૂર્ણ છું, શરીર મન વચન શબ્દરૂપ ગંધ રસ સ્પર્શથી સર્વથા ભિન્ન છું, નિત્ય છું, સત્ સ્વરુપ છું, અતીંદ્રિય નિરાકુલ આત્મિક સુખપૂર્ણ છું, હવે મારે આ શરીર રોગથી પીડાય તો પણ દુઃખ ન માનવું જોઈએ અને બાહ્ય સુખ મલે તો મોહિત ન થવું જોઈએ.

(૫) ભિન્ન ભાવનામાં:–હું જ્ઞાનાદિ ગુણોથી સદા અભિન્ન છું અને પર બીજા જડ ચૈતન્ય, દ્રવ્યોથી સર્વથા જુદો છું. એવી ભાવનાથી સર્વ દુઃખ દુર થાય છે.

જીવને પોતાના આત્મા સિવાય અન્ય જડ ચેતન્ય દ્રવ્યના સંયોગથી દુઃખ પરંપરા વધે છે તેટલા માટે સર્વ સંયોગ મન વચન કાયાથી સર્વથા પ્રકારે ત્યાગું છું.

સંયોગ મુલ્લા જીવાણું, પત્તા દુઃખ પરંપરા;
તમ્હા સવ્વા સંજોગો, સવ્વં તિવિહેણ્ણ વોસિરે.

આ ગાથાનો ભાવાર્થ વારંવાર ચિંત્વન કરવો.

(૬) અશુચિઃ-શરીર અશુચીમય છે. ભોગમાં, હર્ષમાં તથા દુઃખમાં, ચિંતા જાય એ માઠી લેશ્યા છે. તે પણ મહાન અશુચીમય છે. તેવા પરિણામનો વર્ણ કાળો, લીલો; ગંધ, ગાય અને સાપના મરેલા શરીરથી અનંત ગુણી બુરી ગંધ; ખરાબ રસ; અતિ તીક્ષ્ણ તલવારની ધાર આદિથી વિશેષ કષ્ટમય સ્પર્શ છે; તે ક્ષય થાઓ. અશુભ પરિણામ ક્ષય થાઓ.

દોહો.

શરીર વિષ્ટા કોથળી, તેમાં કિમ લેપાય;
મમતા તજી સમતા ભજે, તે જીવ સુગતિ પાય. (૧૩)

(૭) આશ્રવ ભાવનાઃ-યોગ કષાય થકી કર્મોનો આવાગમન થાય છે. શરીર મમતાથીજ આશ્રય થાય છે. "આશ્રવ હેતુ શરીરમમત્વ ક્ષય થાઓ"

(૮) સંવર ભાવનાઃ-મમત્વ ત્યાગ (સમભાવજ) સંવરનો હેતુ "સંવર ગુણ પ્રગટ થાઓ"

(૯) નિર્જરા ભાવનાઃ-શુદ્ધ ઉપયોગથીજ નિર્જરા થાય છે એટલા માટે સુખ અથવા દુઃખમાં આ સમયે ઘણાં કર્મ ક્ષય કરવાનું કારણ એક શુદ્ધ ઉપયોગજ મારે ધારણ કરવો પરમ કલ્યાણકારી છે.

(૧૦) લોક ભાવના:-મેં આખા લોકમાં સર્વ સ્થાનોમાં અનંત જન્મ મરણ કર્યા છે, અને આ વખતે જો હું હર્ષ, શોક, આર્તધ્યાન કરીશ તો ફરીથી લોકમાં પરિભ્રમણ કરવું પડશે એટલા માટે લોકભ્રમણ છોડી લોકાગ્રે અવિચળ પદ પ્રાપ્ત કરવા માટે આ વખતે સમતાભાવ રાખવો શ્રેષ્ઠ છે.

(૧૧) ધર્મ ભાવના:-આત્માનો ધર્મ શુદ્ધ જ્ઞાન, દર્શન સુખ, વીર્ય છે. પુદ્ગળનો ધર્મ મલવું, વીખરાવું, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. આજ સુધી પુદ્ગળ ધર્મને અન્ય ધર્મ માન્યો તેથી અનાદિ કાલથી અનંત દુઃખ ભોગવી રહ્યો છું. હવે પુદ્ગળ ધર્મને સર્વથા છોડી આત્માના શુદ્ધ ધર્મમાં સ્થિર થઈશ તે દિવસ પરમ કલ્યાણનો થશે. સુખનો ઉપાય શાસ્ત્રમાં સર્વ ઠેકાણે ધર્મજ કહેલ છે અને અધર્મ એકજ દુઃખનો દેવાવાળો છે, એમ ફરમાવેલ છે, એનો પરમાર્થ એ છે કે, " સ્વધર્મ પોત પોતાના નિજ " શુદ્ધ ગુણો, કેવળ જ્ઞાન દર્શન આત્મિક સુખ, વીર્ય છે, અને ચાર પર્યાયો છે. અવ્યાબાધ, અજર અમર, અરૂપી, અગુરૂ લઘુ. તે પ્રાપ્ત કરવા માટે ધ્યાન કરવું જોઇએ.

સમકીતની ચાર ભાવનાઓ.

(૧) મૈત્રી ભાવના:-મારો મિત્ર મારો આત્મા જ છે. મેં શરીર, ભોગ, બાહ્ય પદાર્થોને મારા માન્યા તેનાથી પ્રેમ કર્યો ત્યારે દુખ ભોગવી રહ્યો છું.

ભાવના

" પુદ્ગલ મૈત્રી ક્ષય થાઓ શુદ્ધ નિજગુણથી મૈત્રી પ્રગટ થાઓ. "

(૨) પ્રમોદ ભાવના: આજ સુધી વિષય ભોગમાં પ્રસન્નતા કરી હર્ષ માન્યો. હવે આ અનાદિ અવિદ્યા, મિથ્યાત્વને છોડી સ્વઆત્માનાં શુદ્ધ ગુણ, પર્યાય, પ્રગટ કરી આત્મસંતોષ પ્રાપ્ત કરીશ તે દિવસ ધન્ય થશે. મેં શારીરિક શાતામાં સુખ-હર્ષ માન્યો તે મોટી ભૂલ કરી, કારણ કે જ્યાં સુધી શરીર મમત્વ છે ત્યાં સુધી શરીરધારીપણું કાયમ રહેવાનું અને જ્યારે શરીરમમત્વ ક્ષય થશે ત્યારે અશરીરી અનંત સુખમય સિદ્ધ ગતિ પ્રાપ્ત થવાની.

(૩) કરુણ ભાવના:-બાહ્ય દુ:ખોની રક્ષા કરી પરંતું અંદરના દુ:ખોને ન ઓળખ્યાં. કામ, ક્રોધ, મદ, મોહ, અજ્ઞાન, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, પરદ્રવ્ય, રમણતાના રુપ આંતર ભયંકર દુ:ખ દાબી શત્રુથી મારા આત્માને બચાવવા માટે નિશ્ચય કરુણા ન કરી તેટલા માટે દુ:ખી થઇ રહ્યો છું. હવે કરુણા સદા પ્રગટ થાઓ.

(૪) માધ્યસ્થ ભાવના:-આ વીતરાગ ભાવનો અંશ છે. સમભાવ તેજ માધ્યસ્થ ભાવના છે, જે સમભાવ રાખે છે તે સત્ય સ્વરુપ સમજીને શુદ્ધોપયોગમાં રમણ કરે છે. તે શીઘ્ર સર્વજ્ઞ વીતરાગ થઇ જાય છે. એને પ્રગટ કરવાની ભાવના:- "શરીર મારી વસ્તુ નથી તો એના નાશમાં કેમ ખેદ કરૂં?" ખેદ કરવાથી ફરીથી શરીરધારી બની અનંત દુ:ખ ભોગવવાં પડશે તો ખેદ શા માટે કરૂં? ખેદ કરવો તે અજ્ઞાન છે, મોહ ઉપજે તો સમભાવ રાખવો પરમહિતકારી છે. હું નિશ્ચયથી અવેદી, નિર્મળ, અસંગ છું તો સમભાવમાં સ્થિર રહું.

એક શુદ્ધ નિજરૂપને જે તે ભિન્ન પ્રપંચ,
તે સબ પરિગ્રહ જાણીએ, શુદ્ધ ધર્મ નહિ રંચ.
ઉપાદેય નિજ જીવ હૈ, ઔર સકળ નિત હેય,
હૈ કથન સબ કથન મેં, અનુભવ હિત અદેય.
શુદ્ધાત્તમ અનુભૌ ક્રિયા, શુદ્ધ જ્ઞાન રૂપ દોર,
મુગતિ પંથ સાધન યહે, વાગજાળ સબ ચોર, (૧૩)

ભાવાર્થ:-શુદ્ધ આત્માનો અનુભવ કરવો તે શુદ્ધ જ્ઞાન, દર્શન, અને ચારિત્ર છે, અને તેજ મોક્ષ માર્ગ છે. બાકી વંચના આડંબર છે. " સ્વ પરને દ્રવ્ય, ગુણ, પર્યાયથી જાણવાથી આત્માનો અનુભવ થઈ શકે " કેટલીવાર કલ્પનાત્મક મિથ્યા આત્માનુભવ થાય છે અને તે સાચો આત્માનુભવ થયો છે એમ સમજાય છે. એટલા માટે એની પરીક્ષા કરવી. આત્માનુભવીને ઉત્કૃષ્ટ, અહિંસા, નિર્ભયતા, સત્ય, સમભાવ, નિંદા, સ્તુતિ,: સુખ દુઃખમાં સમતા, સદા તત્ત્વ રમણતા, તાત્ત્વિક ઉપદેશ, ગુણાનુરાગ, અદ્વેષ, અખેદ, ઇંદ્રિયદમનમાં આનંદ આવે છે અને એટલા ગુણો પ્રગટ થાય ત્યારે સમજવું કે આત્માદર્શન આત્માનુભવ થયો છે, નહિ તો ભ્રમાત્મક છે મિથ્યા છે એમ માનવું.

આત્માનું સ્વરૂપ.

જગત ચક્ષુ આનંદમય, જ્ઞાન ચેતના ભાસ,
નિર્વિકલ્પ શાશ્વત સુસ્થિર, કીજે અનુભવ તાસ. ॥૧॥
અચળ અખંડિત જ્ઞાનમય, પૂરણવીત મમત્વ,
જ્ઞાન પૂર્ણ બાધા રહિત, સૌ હૈ આત્મા તત્ત્વ. ॥૨॥

યદ્યપિ સમલ વ્યવહારસો, પર્યય શક્તિ અનેક,
તદપિ નિયતનય દેખીએ, શુદ્ધ નિરંજન એક. ॥ ૩ ॥
એક દેખીએ, જાણીયે રમી રહિયે એક ઠોર,
સમલ વિમલ ન વિચારીએ, યહ હૈ સિદ્ધ નહી ઔર. ॥ ૪ ॥

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને એક આત્મ સ્વરૂપ રત્નત્રય છે આજ અને આજ સિદ્ધિનો ઉપાય છે.

નિરાભિલાષી કરણી કરે, ભોગ અરુચી ઘટ માંહી,
તાતે સાધક સિદ્ધ સમ, કર્ત્તા ભોકતા નાહિ. ॥ ૫ ॥
પરમ સ્વભાવમાં મગન રહે, તાતે રાગ વિરોધ,
ધરે પરિગ્રહ ધારના, કરે ન આતમ શોધ. ॥ ૬ ॥

ગુરૂ શિક્ષા ચોપાઇ.

ગુણ પર્યાયમાં દ્રષ્ટી નહી જે, નીર્વિકલ્પ અનુભવ રસ પીજે;
આપ સમાઇ આપ મેં, લીજે તનુપામેટી અવનવા કીજે.

દોહા

તજ વિભાવહું જે મગન, શુદ્ધતમ પદ માંહે,
એક મોક્ષ માર્ગ વિહે, ઔર દુસરો નાહિં, ૧

આ પ્રકારે આત્મસ્વરુપ વિચારીને માધ્યસ્થ ભાવના, સમભાવ, વીતરાગ, નિર્વિકલ્પ સમાવી, આત્મિક સુખ, અતીંદ્રિય નિરાકુળ સત્ય સુખનો અનુભવ કરીને સિદ્ધ પરમાત્માના સુખોનો પોતાના આત્મામાં અનુભવ કરવો જોઇએ. સમભાવ આવો અપૂર્વ છે એટલા માટે તેના સદા આરાધના કરવી જોઇએ. આ અપૂર્વ અવસર મલ્યો છે તો પૂર્વના અનંત ભવ અને આ જન્મનાં આજ સુધીનાં પાપો મન, વચન, કાયા

કરી કરાવી ભલા જાણ્યાં તથા હિંસા, વિષય, કષાયાદિ સેવન કર્યાં તે માટે વારંવાર પશ્ચાત્તાપ કરીને શુભ ભાવમાં નીચે લખેલી ભાવના ભાવવી હિતકર છે.

(૧) રાગ દ્વેષ મોહ (માટે અહીં દર્શન મોહની કર્મ તત્ત્વ, અરુચી, સત્ય, સ્વરૂપમાં મૂઢતા લેવી અને રાગ દ્વેષ એ ચારિત્ર મોહ છે) સેવન કર્યાં તે માટે મને ધિક્કાર છે.

(૨) રાગ, દ્વેષ, મોહ ક્ષય થાઓ.

(૩) પરમ સમરસીભાવ "સમતાભાવ" પ્રગટ થાઓ.

(૪) આર્તરૌદ્ર ધ્યાન ક્ષય થાઓ. ધર્મ ધ્યાનઃ-(ધર્મ સ્વભાવ, ધ્યાન, ચિંતવન) આત્મ સ્વરુપનુ ચિંતવન જે ધર્મ ધ્યાન શુકલ ધ્યાન પ્રગટ થાઓ.

(૫) શરીર ભિન્ન છે. હું ભિન્ન છું.

(૬) વિકારી ઇંદ્રિયોનાં સુખ દુઃખ ક્ષય થાઓ.

(૭) અવિકારી આત્માનંદ પ્રગટ થાઓ.

(૮) જેટલો શરીરનો મોહ કર્યો તેટલોજ દુઃખદાયી છે.

(૯) હું સિદ્ધ સ્વરુપ છું.

(૧૦) મારે સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન, સમ્યક ચારિત્રનુ રત્નત્રયનુ શરણ છે.

(૧૧) શ્રી અરિહંત કર્મ શત્રુદળને હણવા સમર્થ મારી પોતાની જ્ઞાનદર્શક ચારિત્રમય આત્માનુ શરણ છે ॐ શાન્તિ.

आनुपूर्वी.

જ્યાં ૧ હોય ત્યાં નમો અરીહંતાણં કહેવું.
જ્યાં ૨ હોય ત્યાં નમો સીદ્ધાણં કહેવું.
જ્યાં ૩ હોય ત્યાં નમો આયરીયાણં કહેવું.
જ્યાં ૪ હોય ત્યાં નમો ઉવઝાયાણં કહેવું.
જ્યાં ૫ હોય ત્યાં નમો લોએસવ્વસાહુણં કહેવું.

ચોપાઈ તથા દોહરા.

આનુપૂર્વી ગણજ્યો જોય, છમાસી તપનું ફલ હોય;
સંદેહ નવ આણો લગાર, નીર્મલ મને જપો નવકાર. ૧

શુદ્ધ વસ્ત્રે ધરી વિવેક, દીન દીન પ્રત્યે ગણવી એક;
એમ આનુપૂર્વી જે ગણે, તે પાંચસેં સાગરના પાપને હણે. ૨

એક અક્ષર નવકારનો, શુદ્ધ ગણે જે સાર;
તે બાંધે શુદ્ધ દેવનું, આયુષ્ય અપરંપાર. ૧

ઓગણીશલાખ ત્રેસઠહજાર, બસેંબાસઠ પળ;
તિહાં સુધી તે ભોગવે, નવકાર મંત્રનું ફળ. ૨

અશુભકર્મ કે હરણકું, મંત્ર બડો નવકાર;
વાણી દ્વાદશ અંગમેં, દેખ લીયો તત્વસાર. ૩

૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૧	૨	૪	૫
૨	૩	૧	૪	૫
૩	૨	૧	૪	૫

૧

૧	૨	૪	૩	૫
૨	૧	૪	૩	૫
૧	૪	૨	૩	૫
૪	૧	૨	૩	૫
૨	૪	૧	૩	૫
૪	૨	૧	૩	૫

૨

૧	૩	૪	૨	૫
૩	૧	૪	૨	૫
૧	૪	૩	૨	૫
૪	૧	૩	૨	૫
૩	૪	૧	૨	૫
૪	૩	૧	૨	૫

૩

૨	૩	૪	૧	૫
૩	૨	૪	૧	૫
૨	૪	૩	૧	૫
૪	૨	૩	૧	૫
૩	૪	૨	૧	૫
૪	૩	૨	૧	૫

૪

૧	૨	૩	૫	૪
૨	૧	૩	૫	૪
૧	૩	૨	૫	૪
૩	૧	૨	૫	૪
૨	૩	૧	૫	૪
૩	૨	૧	૫	૪

૫

૧	૨	૫	૩	૪
૨	૧	૫	૩	૪
૧	૫	૨	૩	૪
૫	૧	૨	૩	૪
૨	૫	૧	૩	૪
૫	૨	૧	૩	૪

૬

૧	૩	૫	૨	૪
૩	૧	૫	૨	૪
૧	૫	૩	૨	૪
૫	૧	૩	૨	૪
૩	૫	૧	૨	૪
૫	૩	૧	૨	૪

૭

૨	૩	૫	૧	૪
૩	૨	૫	૧	૪
૨	૫	૩	૧	૪
૫	૨	૩	૧	૪
૩	૫	૨	૧	૪
૫	૩	૨	૧	૪

૮

१	२	४	५	३
२	१	४	५	३
१	४	२	५	३
४	१	२	५	३
२	४	१	५	३
४	२	१	५	३

९

१	२	५	४	३
२	१	५	४	३
१	५	२	४	३
५	१	२	४	३
२	५	१	४	३
५	२	१	४	३

१०

૧	૪	૫	૨	૩
૪	૧	૫	૨	૩
૧	૫	૪	૨	૩
૫	૧	૪	૨	૩
૪	૫	૧	૨	૩
૫	૪	૧	૨	૩

૧૧

૨	૪	૫	૧	૩
૪	૨	૫	૧	૩
૨	૫	૪	૧	૩
૫	૨	૪	૧	૩
૪	૫	૨	૧	૩
૫	૪	૨	૧	૩

૧૨

૧	૩	૪	૫	૨
૩	૧	૪	૫	૨
૧	૪	૩	૫	૨
૪	૧	૩	૫	૨
૩	૪	૧	૫	૨
૪	૩	૧	૫	૨

૧૩

૧	૩	૫	૪	૨
૩	૧	૫	૪	૨
૧	૫	૩	૪	૨
૫	૧	૩	૪	૨
૩	૫	૧	૪	૨
૫	૩	૧	૪	૨

૧૪

૧	૪	૫	૩	૨
૪	૧	૫	૩	૨
૧	૫	૪	૩	૨
૫	૧	૪	૩	૨
૪	૫	૧	૩	૨
૫	૪	૧	૩	૨

૧૫

૩	૪	૫	૧	૨
૪	૩	૫	૧	૨
૩	૫	૪	૧	૨
૫	૩	૪	૧	૨
૪	૫	૩	૧	૨
૫	૪	૩	૧	૨

૧૬

૨	૩	૪	૫	૧
૩	૨	૪	૫	૧
૨	૪	૩	૫	૧
૪	૨	૩	૫	૧
૩	૪	૨	૫	૧
૪	૩	૨	૫	૧

૧૭

૨	૩	૫	૪	૧
૩	૨	૫	૪	૧
૨	૫	૩	૪	૧
૫	૨	૩	૪	૧
૩	૫	૨	૪	૧
૫	૩	૨	૪	૧

૧૮

૨	૪	૫	૩	૧
૪	૨	૫	૩	૧
૨	૫	૪	૩	૧
૫	૨	૪	૩	૧
૪	૫	૨	૩	૧
૫	૪	૨	૩	૧

૧૯

૩	૪	૫	૨	૧
૪	૩	૫	૨	૧
૩	૫	૪	૨	૧
૫	૩	૪	૨	૧
૪	૫	૩	૨	૧
૫	૪	૩	૨	૧

૨૦

અમુલ્ય વચનામૃતો.

૧. દાનના પ્રભાવથી ધન્નો અને શાળિભદ્ર અગણિત ઋદ્ધિના ભોગી થઇ દેવલોકે ગયા, યાવત્ તેઓ સિદ્ધિપદને વરશે; એમ જાણી સુપાત્રે દાન દેવું.

૨. શિયળના પ્રભાવથી સુદર્શન શેઠને શૂળી ફીટીને સિંહાસન થયું અને કળાવતીનાં કપાએલાં કાંડાં નવપલ્લવ થયાં; એમ જાણી શિયળ પાળવું.

૩. તપના પ્રભાવથી ધન્નો અણગાર દ્રઢપ્રહારી, હારકેશીમુની અને ઢંઢણઋષિ વિગેરે કર્મ ખપાવી મોક્ષપદ પામ્યા, એમ જાણી તપ કરવો.

૪. ભાવના પ્રભાવથી પ્રસન્નચંદરાજર્ષિ, ઇલાચીકુમાર, કપિલમુની, ખંદકમુનીના શિષ્યો, ભરતચક્રવર્તિ અને મરૂદેવી માતા વિગેરે મોક્ષપદ પામ્યા; એમ જાણી ભાવના ભાવવી.

૫. ઋષભદેવસ્વામીની એક ચિત્તે સેવા ભક્તિ કરવાથી નમિ અને વિનમિ એ બેહુ ભાઈ રાજ્ય, વિદ્યા અને સદ્ગતિ પામ્યા માટે જિનરાજની સેવા કરવી.

૬. સ્વ અને પર સમયને જાણનારા કેશી ગુરૂની વાણી સાંભળવાથી નાસ્તિક એવો પરદેશી રાજા દેવલોકે ગયો, યાવત્ સિદ્ધિપદને વરશે; માટે ગુરૂની વાણી સાંભળવી.

૭. ભવોભવને વિષે હિતકારક એવા જ્ઞાનથી જવઋષિ, ચિલાતિપુત્ર, માસતુસ મુની અને રોહણીય ચોરાદિક, દુ:ખથી મુક્ત થઈ સદ્દગતિના ભાજન થયા; માટે ભક્તિપૂર્વક જ્ઞાન ગૃહણ કરવું.

૮. દશ દ્રષ્ટાંતે દુર્લભ એવા મનુષ્યજન્મને પામીને જેઓ આળસથી જૈન ધર્મને નથી કરતા, તેઓ શશિપ્રભ રાજાની પેઠે સોચના પામે છે, માટે ધર્મ કરવો.

૯. જેમ મન વિનાનું મળવું, દાંત વિનાનું ચાવવું ગુરુ વિનાનું ભણવું, લુણ વિનાનું જમવું અને જશ વિનાનું જીવવું નિર્થક છે તેમ ભાવ વિનાનો ધર્મ પણ નિર્થક છે.

૧૦. સત્યથી અગ્નિ પાણી સમાન, ગરળ અમૃત સમાન અને સર્પ ફુલની માળા સમાન થાય છે; એમ જાણી સત્ય પૂર્વક વર્તવું.

૧૧. પર નિંદા કરે નહિ અને સ્વનિંદા સાંભળી સભ્યતા લાવે, તે મનુષ્યને ધન્યવાદ છે.

૧૨. ધર્મ અને શોક જેમ વધારીએ તેમ વધે અને ઘટાડીએ તેમ ઘટે છે.

૧૩. જે પુરૂષ દીવસે રતિક્રિયા સેવે છે, તેઓને પંડિત પુત્ર ઉત્પન્ન થતો નથી; પરંતુ બળહીન નપુંશક જેવો ઉત્પન્ન થાય છે. માટે દિવસે બ્રહ્મચર્ય પાળવું.

૧૪. જુવાન અવસ્થામાં પાંચે ઇંદ્રિયોને વશ કરવી, તેમજ રાગ, દ્વેષ, વિષય ક્રોધાદિકને જીતવા.

૧૫. હું મરણના દુઃખમાં રહ્યો છું, મારૂં આયુષ્ય ક્ષણમાત્ર નથી, એમ માની ધર્માચરણ કરવું.

૧૬. જેમ લોભી પુરૂષ ધન મેળવવામાં તત્પર રહે છે, તેમ ધર્મી પુરૂષે જ્ઞાન મેળવવામાં તત્પર રહેવું.

૧૭. શાંતિ જેવો બીજો કોઇ તપ નથી, સંતોષ જેવું બીજું કાંઇ સુખ નથી, તૃષ્ણા જેવી બીજી કોઇ વ્યાધિ નથી, દયા જેવો બીજો કોઇ ધર્મ નથી.

૧૮. જેમ પુત્ર વિનાનું પારણું અને વર વિનાની જાન શોભતી નથી, તેમ ધર્મ વિના આત્મા શોભતો નથી.

૧૯. શાસ્ત્ર શ્રવણ, સ્મશાન અને રોગ, એ ત્રણ વૈરાગ્ય ઉત્પન્ન થવાનાં મુખ્ય હેતુ છે.

૨૦. પાપ કર્યા પછી પસ્તાવો કરવા કરતાં પાપ કરતી વખતે પસ્તાવું એ વધારે સારૂં છે.